IV/95 22

કિંમત રૂ ૦-૮-૦

(૧૦૮)

મણિમાળા.

માલનલાલ ચૈદ્રાળ ઓજવાહીરના

શ્રી

મણીમાલા.

મૂળ

શ્રી હર્ષદેવ વિરચિત

રત્નાવલી નામની

સંસ્કૃત નાટિકા ઉપરથી

સંગીત સાથે

કર્તા

મોહનલાલ ચંદ્રેશ્વર બીજવાડીઆ.

આવૃત્તિ પહેલી

અમદાવાદ

મદનગોપાળની હવેલીમાં "સુર્યોદય પ્રેસ" માં

રસીકલાલ છોટાલાલે છાપી

વિ. સં. ૧૯૫૧ ઇ. સ. ૧૮૯૫

મુલ્ય રૂ. ૦-૮-૦.

પ્રસ્તાવના.

સદ્‌ગૃહસ્થો,

આજકાલ નાટક રચવાનો, ભજવવાનો તેમજ જોવાનો લોકોમા શોખ ઘણોજ વધતો દેખાય છે, નવી નવી વસ્તુ રચના કરી નવા નવા નામ રાખી નાટકો રચાય છે, પણ લોકોમા શો બિગાડ શરૂ થવા માડયો છે અથવા તો જે અમલ ઉત્તમ પ્રકારનુ હરેક તરેહનુ શિક્ષણ હતુ તેમા શી ખામી પડવા લાગી છે તે વિચારી, તેને અનુસરતા નાટકો રચાય અને તે જો લોકો જુવે તો તેમના મન ઉપર કઇ સારી અસર થવાનીજ અલબતે, નીતિની મુખ્ય બાબતો, શુરાતન, પતિવ્રતપણુ, સત્ય ધારણુ રાખવુ વિગેરે ઉપર નાટક છે, પરતુ તે શિવાય આજકાલના લોકોમા જે કુધારા પ્રસરવા માડયા છે તે અટકાવી તે વાત સુધારાપર આવે એવુ લોકોને દસાવવુ એજ નાટકકર્તાનો તેમજ ભજવનારનો મતલબ હોવો જોઇએ આ ઉપરથી મારૂ કહેવુ એમ નથી કે આ "મણીમાળા" આવી ખોટ પુરી પાડવાનુ એક સાધન થઇ પડે પરતુ ઉત્તમ વસ્તુ રચનાવાળા મહા કવિ કાલીદાસ વિગેરે બીજા કવિઓએ જે ખાપણ રહિત પોતાની ખુબી સસ્કૃતમા દેખાડી છે તેનો હાલની પ્રજાને લાભ આપવો જોઇએ

શ્રી હર્ષ દેવનાવિચાર કયા, કયા આ અર્ધદગ્ધ, કયા એનુ ભાષાન્તર, આ બધાનો વિચાર કરી વાચનારે જનદયા લાવી સાર ગ્રહણ કરવો એજ મતલબ તેમણે રાખવી કારણ કે કર્તા બહુ સસ્કૃત ભણેલો નથી તેમજ પીંગળનુ પણ જ્ઞાન ધરાવતો નથી માત્ર આ ચોપડી કર્તા ગુજરાત કોલેજમા માનવત પ્રોફેસર આબાજી વિષ્ણુ કાથવટે સાહેબ-હાથ નીચે ભણેલો એટલે જે શિક્ષણ તેમણે આપ્યુ છે તેનો અશ માત્રના ગ્રહણ કરવાને જે શ્રમ તેણે લીધેલો તે આ ચોપડી જેવી તેવી પણ લખીને સફળ થયો માને છે

વાચકવૃન્દને મારી એટલી વિનતી છે કે આ મારો પહેલ વહેલો પ્રયાસ છે એટલે ગર્ભ કરતા છોલા એમા ઘણા હશે, પરતુ તે ધ્યાન પર નહીં લેતા, સાર ગ્રહણ કરી, ભૂલચુક સુધારવાને જે જે સુચનાઓ કરવામા આવશે તે તે માન સહિત સ્વિકારી કર્તા પોતાને કૃતાર્થ ને આપનો આભારી સમજશે

મો. ચ. બી.

શ્રી

મણીમાલા.

(કરમકર મેરે હાલપર અયે કરીમ—એ રાહ.)

રહી પાદ અગ્રે છતા ભારથી
નમેલી, કુચોના, તણા ધૂર્જટી રહી૦
સ્પૃહાલુ ત્રણે લોચનોના પથે
ગિનારાધના કારણેથી જતે રહી૦
પુલક સ્વેદથી કાપતી શર્મથી
શિરે નાખનાની કુસુમાંજલી રહી૦
પડી અંતરે એકના તે ઉમા-
-પતિ આ પ્રયોગે મુને સ્હાય થા રહી૦

વળી—

(ત્રોટક યા કોઇ રબકી મરજી કયા જાને)

અતિ હોસ થકી જલદી કરતી
નિજ શર્મ થકીજ જરા હઠતી
વચનો થકિ બંધુ વધૂ જનના
ધસડાતિ અભી મુખ તે પતિના
ભયથી નન સંગમમા ગવરી
વર જોઇ રસે નરમાઇ ખરી
હસતા પુલકો સહ શંકરથી
કરમાલ અપાઈ પુરે રસથી
મતિ મારિ વિકાસિત તેજ કરો
જગ સંકટ પાપ સમૂળ હરો
ભિખ દાન કરો શરણાગતને
અભિલાષ ખરો દિન આ મનને

વળી—

[હમતો આશકહે તેરી નાઝ ઉઠાને વાલે—એ રાહ]

મારે માટે પામ્યો પે'લા મથન મીનકેત તમથી
તો શું યોગ્ય મારા છતા પરણ્યા બારે વાટ જતી—મારે૦

રે નિર્લજ્જ, મોજ કરો સ્વભાવે વાકી જે તેથી
હે કૃષ્ણકંઠ–ગ્રહ મુકો રોષે જે વદતી   મારે૦
રક્ષા કરો આપણી નિર્વિઘ્ને પૂર્ણતા થજો
જેની પ્રત્યે બોલતા આ લક્ષ્મી અને પાર્વતી   મારે૦

વળી—

[ગઇ ચક બચક જો હવા પલટ નતો દિલકો મેરે કરારહે-એ રાહ.]

રોષે લાલ ચોળ થયેલ આખ ત્રણેથી અગ્નિ ત્રણે શમ્યા -- રોષે૦
ત્રાસે દુખિ થયલા ઋત્વિગો, પડયા પાઘ ખોઇ ચપલ ગણો
સ્તુતિ કર્તા દક્ષ તેની રમા સાથે તેની રોતી વિલાપમા   રોષે૦
નાઠા દેવ જીવ લઇ સહુ યજ્ઞ ભગવેજે આ કર્યુ
ખડ ખડ હશી જે શકરે, તેરે જો આપણી સ્હાયમા   રોષે૦

અને શુ ?—

[પ્રિય સુભદ્રે ઘોર અવનીયા નિશાચરે ભેટીવલી-એ રાહ.]

કીર્તી શશીને નમન સુરોને, દ્વિજ સુખીઆ થાઓ
. .. ભૂ સમૃદ્ધિ વાળી હો, રાજા નરેદ્રચદ્ર તપો

નાન્દિને અતે

સુત્રધાર—હવે બહુ થયુ, આજે વસત ઉત્સવમા શ્રી હર્ષદેવ મહારાજના દેશ દેશાવરથી પધારેલા રાજાઓએ મને માનથી બોલાવીને કહ્યુ કે આપણા સ્વામિ શ્રી હર્ષદેવ મહારાજે અપૂર્વ વસ્તુની રચના વાળુ મણીમાલા નામનુ નાટક રચ્યુ છે તે અમે કાને સાભળ્યુ છે પણ તેનો પ્રયોગ થતા જોયો નથી તો તેજ સકળ જનોના હૃદયને આનદ દાતા મહારાજના માનની ખાતર અને અમારા તરફ અનુગ્રહ બુદ્ધિથી તે નાટક ભજવવુ જોઇએ (પરિક્રમણ કરી જોઇને) તેથી નેપથ્ય રચના કરીને યથેચ્છ કરૂ (સભા જોઇને) અરે મારો નિશ્ચય છે કે સઘળા સભાસદોના મન આમ વળેલા છે, કારણ કે—

દોહો

શ્રી હર્ષ દવ નિપુણ કવી છાજે
તમ ગુણ સમજનારી આ સમાજે
વત્સરાજ ચરિત લોક મનોહારી
નાટય કળા જાણીએ અમેય મ રી

એક એક વસ્તુ ઇષ્ટફળ પ્રદાતા
તો શુ બાકી સર્વ ગૂણ દૈવ જ્ઞાતા

તો ઘેર જઇ ગૃહિણીને કહી સગીત ચલાવુ (પરિક્રમણ કરી નેપથ્ય સામુ જોઇ) આ રહ્યુ મારૂ ઘર, તો ચાલો અદર જાઉં (રીતીતે) આર્યે, આમ આવજે

[પ્રવેશ કરીને]

નટી—આર્ય પુત્ર, આ આવી, શુ કરવાનુ છે તેની આજ્ઞા કરો

સુત્ર—આર્યે, રાજલોક મણીમાલા જોવાને ઉત્સુક છે તો પડદો ઉઠાવ

નટી—(ઉદ્વેગથી) (નિસાસા નાખીને) આર્ય પુત્ર, તમે તો હમણા નિચિંત છો તો કેમ ન નાચો? પણ મારી અભાગણીની એકની એક દીકરી તે તમે કયાયે દેશાવર દીધી, તો એટલા દુરના ભર્તા સાથે તેનો પાણી ગ્રહણ કેમ થશે એ ચિતામા મને મારૂ પોતાનુએ ભાન રહ્યુ નથી તો પછી નાચુ તે શુ?

સુત્ર—દુર છે એમ ધારી ઉદ્વેગ થતો હોય તો તો બમકર જો—

ગીતિ

બીજા દ્વિપોમાથી સમુદ્રમાથી અતેથી દિશના
સાનુ કૂલ વિધિજો, ઝટ લાવી પુરે કોડો મનના

[પડદામાં]

શાબાશ, ભરત પુત્ર, શાબાશ હા એમજ, એમા શો સદેહ (બીજા દ્વિપોમાથી વિગેરે બોલે છે)

સુત્ર—(સાભળીને પડદા સામુ જોઇ) આર્યે, કેમ નાર કરે છે? આ આવ્યો મારો નાનો ભાઇ યૌગન્ધરાયણનો વેશ ધારી તો ચ લ, હવે પછીના પાઠ માટે વેશ ધારી સજ્જ થઇએ (સર્વે જાયછે)

ઇતિ પ્રસ્તાવના

વિષ્કમ્ભક

[ખુશી થયલો યૌગન્ધરાયણ પ્રવેશ કરે છે]

યોગ—હા એમજ એમા શો સદેહ (બીજા દિપો વિગેરે બોલે છે) નહીં તો સિદ્ધ પુરૂશના ભાખેલા ભવિષ્ય પ્રમાણે માગેલી સિહલેશ્વરની પુત્રી વહાણુ ભાગ્યાથી ડુબી ગઇ તેને કયા પાટીયુ હાથ લાગવુ? અને કયા સિહલથી પાછા આવતા કૌશમ્બીના વાણીઆઓને આવી દશામા પડેલી તે જડવી, અને મણીમાલાથી ઓળખીને તેને અહીં લાવવી (હર્ષથી) સર્વથા આપણા સ્વામીનો ઉદય છે (વિચારીને) મે પણ માન પૂર્વક તેને બાઇ સાહેબને સોંપી તે ઠીક કર્યુ, મે સાભળ્યુ છે કે બાભ્રવ્ય કચુકી પણ સિહલેશ્વર અમાત્યની સાથે જેમ તેમ કરી સમુદ્ર ઉતરી કોસલ જીતવાને ગયલા રૂમણ્વાનને મળ્યો, તો આ પ્રમાણે પ્રભુનુ પ્રયોજન લગભગ થયુ છે છતા મને ચેન પડતુ નથી, ખરેખર નોકરી કષ્ટ રૂપજ છે—

(અધિકારી તૃષ્ણા ભારી ગોગની બારીને જોનાર)
ભયભારી, સ્વેચ્છ ચારી તેથી સ્વામીનો અ વાર
પણ વૃદ્ધિ તણો જે સાર, નહિ સિદ્ધિએ ભ્રાન્તિ લગાર '
શ્રેષ્ઠ આરભ તણોય પ્રકાર, દૈવદાતાર . ભયભારી

[પડદામાં કલકલાટ]

(સાભળીને) અરે પુરવાસીની આગળ મૃદગની સાથે થતા સગીતથી મધુર હોરીની ધુન લાગી છે તેથી હુ ધારૂ છુ કે કામ દેવના ઉત્સવથી લોકોને ઉપજેલો હર્ષ જોવાને મહારાજ મહેલે પધારે છે (ઉચે જોઇ) અરે મહારાજા તો કયારનાએ મહેલે અધિરૂઢ થયા છે જે—

[પધારોને પ્રીતમજી પલગેરે' રાહ]

પધારેછે શ્રીમન વત્સેશ્વરરે, મદન અવર અનુરૂપ ભૂપ શ્રી
શાન્ત થઇ વિગ્રહની વાર્તા, રતિમાન જનચિત્તે વસતા
નિજ ઉત્સવ દર્શનને ચા'તા, પ્રિય વસત ખરે ખરરે. શ્રી
તો હેવ જઇ બાકીના કાર્યનો વિચાર કરૂ (જાયછે)

ઇતિવિષ્કમ્ભક.

પ્રથમ અક.

(પછી વસતવેશ ધારી આસને બિરાજેલા રાજાને વિદુશક પ્રવેશ કરેછે)

રાજા—(હર્ષથી જોઇને) કેમ, મિત્ર વસંતક?

વિદુ૦—આજ્ઞા મહારાજ

રાજા—

(જબકે કલંદર બનબન ફીરકર બંદર લેકે આતે હે—એ રાહ)

નિર્જિત રાત્રુ રાજ્ય મચીને લાયક ધારી ભાર ધર્યો
દુ:ખો દૂર કરી રક્ષણથી પ્રજાના પ્રેમનો પ્યાલો ભર્યો,
આજ પ્રધાનની સુતા, ઋતુ, ને વસંત સમય
ભલે કામ ધારે પોતાને ધૃતિમય
તોયે ઉત્સવ અમારો એ માગે કે નિશ્ચય આજ નિર્જિત

વિદુ૦—(હર્ષથી) હે મિત્ર, આપ કહો છો તેમજ છે, પણ હું જાણું છું કે આપનોએ નહીં, કામદેવનોય નહીં, પણ માગે એક બ્રાહ્મણ બચ્યાનો આ મદન ઉત્સવ છે જેને વાસ્તે પ્રિય મીત્ર આમ કહોછો (જોઇને) તો આથી શું જુઓ જુઓ મદન ઓચ્છવની શોભા, મધુપાનથી મત્ત થયલી કામીનીઓ પીચકારી લઇ નગરજનને મારી કુતૂહલ ઉપજાવે છે રસ્તાઓ ઉપર મૃદંગને હોરીના ગાયનોની ધુન મચી રહી છે અને દશે દિશાઓ ગુલાલથી ભરપુર થઇ છે,

રાજા—(ચોમેર હર્ષથી જોઇને) અહો! પુરજનના આનંદની સીમા રહી નથી!

વળી—

હોરી.

આજ બેનોને વસંત વિહારી, સાથે સારી કૌશામ્બી નારી આજ
કેસુએ દીસે દિવસ અરૂણ સમ, પિચકારી સુખકારી,
લાલ ગુલાને વાદળ છાયા, રેલ રંગની જારી,
સુવર્ણ નમ્યા ભંડારી આજ
કંકુ-કાદવમા કૂદે કામનીઓ, છેલીઓ છોગા ધારી
હર્ષઘેલીઓ સકળ વિસારી, ફાગ રાગ ઉચ્ચારી
કરે સુખ સ્પર્શનું ભારી

વિદુ૦ (જોઇને) વળી ચતુર જનની જલથી ભરેલી પીચકારીના

સીત્કારથી મનોહર વારાગનાની ગમ્મત જુઓ

રાજા—(જોઇને) મિત્ર, ઠીક જોયુ, મને આ સમય જોઇને પોતા ન યાદ આવે છે, નાગની ફેણુ રૂપી પીચકારી લઇ ભુજગ લોક જાણે ગુલાલથી થયલા અધારામા રમે છે

વિદુ૦—હે મિત્ર આખરે મદનની પેઠે વસતને યોગ્ય હાવભાવ કરતી મદનીકા આમ્ર લતિકા સાથે આવે છે પ્રિય મિત્ર જુઓ

(પછી મદન લીલા બતાવતી ગાયન ગાતી છોકરીઓ પ્રવેશ કરે છે, (મદનીકા ગાય છે)

(કોઇ હાલ કહો જાકે—રાહ)

નાચે વાચે દક્ષિણ વાયુ, મહા મદન તણુ પ્રાબ્યુ વાચે
કુસુમાયુધનો દૂત એ વહાલો, આબે ધરે બહુ મોહોર,
માની તણો ઉતારે તોર, બકુલની ફોર, વાસતી ઓર વાચે
પ્રિય જનને મળવાની આકાક્ષા, પુરી કરે રતિનાથ,
ભમે ભમે યુવતીનો સાથ, રાખી મન હાથ, આવશે નાથ વાચે
મધુમાસે આમૃદુ કરવાને જન હૃદયો છાણે
પછી પુષ્પ ધનુ તાણે, વખત જાણે, વિધે બાણે વાચે

રાજા—(બારીકાઇથી જોઇ) અહો, આમનો ક્રીડામા રસ મધુર છે વળી

(સકર રાહ૦)

તુટયો દોરો છુટા કેશ વશ બેશ બન્યો,
પગે પે'રેલા નુપૂર, કરે ઘુમ ઘુમ સુર,
નિશે બની ચકચુર, કપે ધ્રુજે અતિ ઉર,
હાર અફળાય, પીડ ન થાય, બહુ કુદાય,
કટી મરડાય, નવ લેખાય, ગાય, દાય,
કુચ—ભારે—ન—માય, નમાય, નમાય તુટયો

વિદુ૦—(હશીને) હે મિત્ર, આ કમર બાધીને તૈયાર થયલાની અદર નાચીને, ગાઇને હુ મદન ઓચ્છવનુ સન્માન કરૂ

રાજા—(હશીને) મિત્ર, એમ કર

વિદુ૦—જેમ મહારાજની આજ્ઞા (ઉઠીને છાકરીઓમા નાચ છે)

બેન મદનીકા, બેન આમ્રલતિકા, આ હોરી મને શીખવ

મદનીકા—(હશીને મુઆ આ તો હોરી નહીં

વિદુ૦—ત્યારે શુ આ ?

મદ૦—મુઆ, આ તો સકર રાગણી

વિદુ૦—(હર્ષથી)કેમ, આ શર્કરાધીના મોદક કે લાડુ થાય ?

મદ૦—(હશીને] મુઆ, આતો ગાવાનું

વિદુ૦—(વિસ્મયથી) આ ગાવાનુ? (ખેદથી) જોગાવાનુ અને ખાવાનુ નહીં તો મારે શા કામનુ ? ચાલો પ્રિય મિત્ર પાસે જાઉં [જાય-છે બન્ને ખેચે છે વિદુશક ખેચાય છે]

બન્ને—(હાથ પકડીને) ઉભો રહે, બળ્યુ, રમ્યા વગર ક્યાં જાય કે [બહુ પ્રકારે તાણે છે]

વિદુ૦—(હાથ ખેચી નાશી જઇ રાજા પાસે જઇ) હે મિત્ર હુ નાચ્યો

રાજા—મિત્ર, રમ્યો

વિદુ૦—રમ્યો નહીં, પલાયન માંડ્યો

આમ્રલતિકા—હે મદનિકા, આપડે બહુ રમ્યા, ચાલો, બાઇ સાહેબનો સદેશો મહારાજને કહીએ

મદ૦—આમ્રલતિકા, તે ઠીક સભાર્યું, ચાલો કહીએ

(પરિક્રમણ કરી જઇને)

બન્ને—જય જય મહારાજ, મહારાજ, બાઇસાહેબ આજ્ઞા કરે છે (એવુ અર્ધું કહી લજ્જા દેખાડે છે) નહીં નહીં વિનતી કરે છે

રાજા—[હર્ષથી હશીને માનથી) મદનીકા, ખરે આજ્ઞા કરે છે એ-જ રમણીય છે, ને વળી ખાસ કરીને આમદન •ઓચ્છવમા તો કહે દેવી શી આજ્ઞા કરે છે?

વિદુ૦—મરો રાડો, બાઇસાહેબ આજ્ઞા કરે છે એ શુ ?

છોકરીઓ—બાઇસાહેબ વિનતી કરે છે કે આજે મારે મકરન્દો-ધાનમા જઇને રાતા અશોકને મૂળે સસ્થાપેલા ભગવાન કુસુમાયુધની પુજા કરવાની છે તો ત્યા આર્યપુત્રે પધારવુ જોઇએ

રાજા—મિત્ર, શુ કહેવાનું? એક ઉપર એક ઓચ્છવ ચાલેજ છે

વિદુ૦—ઉઠો ત્યારે, ત્યા જઇએ, મને કઇ પ્રસાદી મળશે

રાજા—મદનીકા, જા દેવીને કહે કે હુ મકરન્દોધાનમા આવ્યો હો.

છોકરુ૦—જેમ મહારાજની આજ્ઞા (જાયછે)

રાજા—મિત્ર, ચાલ ઉતરીએ

(બન્ને મહેલથી ઉતરે છે એમ દેખાડે છે.)

રાજા—મકરન્દોદ્યાનનો, મિત્ર, માર્ગ બતાવ.

વિદુ૦—આમ આમ મહારાજ (જાય છે)

રાજા—(આગળ જોઇને) અરે, આ આવી મકરન્દોદ્યાન, ચાલો અંદર જઇએ (બન્ને અંદર જાયછે)

વિદુ૦—(વિસ્મયથી) હે મહારાજ, જુઓ, જુઓ જાણે મકરન્દોદ્યાન મલય મારૂતથી ડોલતા ખીલેલા આંબાના મોહોરની રજની છત કરીને, મધથી મત્ત થયલી મધમાખી કોકીલના ટોકાની સાથે કાનને સુખ દેતા ગુજારથી આપને માન આપતી હોય એમ દખાડે છે તો આપ અંદર જાઓ

રાજા—અહો, શી મકરન્દોદ્યાનની રમણીયતા છે' જુઓ, અહીં-

[પીલુની દીપચંદી. લાવ્ય સખી—ગાહ.]

વૃક્ષ વસંતનું પી મધુ જાણે, મધુપાનીની મોજ એ માણે વૃક્ષ
પલ્લવે રાતો રંગ છવાયો, ભામે ઘોતી પ્રવાલ પ્રમાણે વૃક્ષ
મધુકરના ગુણુ ગુણુ ગુંજારે, લીના કાલી બોલીની આણે વૃક્ષ
ડાલ ડોલે વૃક્ષની ડાળી, વાયે મલયનો વાયુ જે ટાણે વૃક્ષ

વળી, (ગાહ સકર.)

આસવની વાસ વધારી, બકુલે માગી, વૃષ્ટિ જારી, ફૂલની
ચન્દ્રમુખી મધુનાત્ર તરૂણી, ભાળી ચપલ આનંદ પીવે
અશોકને લાતો દેવાને, નુપર પેહેર્યા શુ રીત,
નુ-પુ ર નાન્દ, ભ્ર-મ-ર-મા-થ, શુણી,-લાવે-ખીલી-મળની આસવ

વિદુ૦—(કાન દઇ) હે મિત્ર, નૂપુરને અનુસરતી આ મધમાખી નથી પણ આ બાઇ સાહેબની દાસીઓના નૂપુરનો શબ્દ છે

રાજા—મિત્ર, ઠીક ધારણા પોહોચાડી

(પછી વસન્તદત્તા, કાચનમાલા, પુજાની સામગ્રી લઇને સાગરીકા અને બીજી દાસીઓ પ્રવેશ કરે છે)

વાસવદત્તા—અલી નાચ ા ા ા, મ ન્દા ાનનો માન નાર

કાચનમાલા—આમ આમ બાઇ સાહેબ

વાસ૦—(પરિક્રમણ કરી) અલી કાચનમાલા, પેલુ નાનુ અગોકનુ વૃક્ષ જ્યા' મા'રે ભગવાન મદનની પુજા કરી છે એ કેટલુક દુર છે?

કા૦—બાઇ સાહેબ, આ પાસે રહ્યુ, આપની નજર નથી પોહોચતી? આ રહી પેલી બારમાસી ફુલવાળી આપની વહાલી માધવીલતા, આ રહી બીજી પેલી નવમાલીકા જેને મોમમનગર ફુલ આવ્યાથી મહારાજના આત્માને આનદ થયો છે તો આ એ મુકીને પેલુ જે દેખાય છે તે અશોકવૃક્ષ જ્યા બાઇ સાહેબ, આપને પુજા કરી છે

વાસ૦—તો ચાલ, ત્યા ઝટ જઇએ

કા૦—પધારો, પધ રો બાઇ સાહેબ

(સર્વ જાન છ)

વાસ૦—જ્યા મારે પુજા કરવી છે તે આજ રક્ત અશોક વૃક્ષ કે? તો જા, જઇને પુજાની સામગ્રી લાવ

સાગરિકા—(પાસે આવી) બાઇ સાહેબ, આ રહી, સર્વ તૈયાર છે

વાસ૦—(જોઇને સ્વગત) અહો, ચાકરડીઓ કેવી બેદરકાર છે! જેની નજરથી દુર કરીએ છીએ તેજ જનની નજરે આવી ઉભી રહે છે, હશે, તો આમ કહુ (પ્રકાશમા) અલી સાગરીકા, દાસીઓ સર્વે જ્યારે મદન ઓચ્છવના કામમા લાગી છે તો મેનાને છોડીને તુ કેમ અહીં આવી? જા ત્યા, ઝટ જા, ને આ પુજાની સામગ્રી કાચનમાલાને આપ.

સાગ૦—જેમ બાઇ સાહેબની આજ્ઞા (એમ કરી થોડા ડગલા જઇ) પણ મેના તો મે સુસગતાને સોપી છે, આ પણ જોનાનુ મારૂ મન છે કારણ કે પિતાજીના અતપુરમાએ ભગવાન અનગની પુજા થાય છે, અહીં પણ એમજ છે કે કાઇ જુદી રીતે? તો છુપી રહીને જોઉં (આમતેમ ફરી, જોઇ) પુજા વખત થઇ તો ભગવાન મદનની પુજા માટે હુ પણ ફુલ વીણી લાવુ (ફુલ ચુટેછે)

વાસ૦—કાચનમાલા, ભગવાન પ્રદ્યુમ્નની સ્થાપના અશોકમૂળે કર

કાંચ૦—જેવી બાઇસાહેબની આજ્ઞા

વિદુ૦—(પરિક્રમણ કરી આમ તેમ જોઇ) હે મિત્ર, નૂપુરનાદ બધ પડયો તેથી ધારૂછુ કે બાઇસાહેબ અશોકમૂળે આવ્યા

રાજા—ઠીક તર્ક પોહોચાડયો. જો આ દેવી રહી, આ ખરેખર—

ગીતી.

કામલ કુસુમ પ્રમાણે કાયા નિયમથી કટી તનુ ધારી,
જેમ કામની પામે શોભે છે અતિ ચાપયષ્ટિ સારી

તો ચાલ, પાસે જઇએ (પાસે જઇને) પ્રિય વાસવદત્તા '

વાસ૦—(જોઇને) કેમ, આર્યપુત્ર, જય જય આર્યપુત્ર, આ આસન ઉપર બિરાજી આ જગ્યાને શોભા આપો બિરાજો અહી

(રાજા બેસતા હોય એમ બતાવે છે)

કાંચ૦—બાઇ સાહેબ, આપના હાથે ચઢાવેલા પુષ્પ, કંકુ, ચંદન અને વસ્ત્રથી શોભતા અશોક પાસે જઇ ભગવાન પ્રદ્યુમ્નની પુજા કરો

વાસ૦—લાવ પુજાની સામગ્રી

(કાંચનમાલા લાવેછે, વાસવદત્તા તેમ કરેછે)

રાજા—વહાલી વાસવદત્તા,

(નાના મારે એની સાથમાં જાવુ એ ગઢ)

સ્નાન નવીને નિર્મલ અંગી,
અંબર અતો કુસુબાં રંગી, સ્નાન
સ્મરપુજામાં અધિક રૂપાળી
ડાળી કુંપળથી શોભતી વલ્લી સ્નાન

અને વળી

ગીતી.

સ્પર્શ કર્યાથી વહાલી, સ્મરપુજામા લાગેલા હાથે,
અપર મૃદુતર મોહોરે, જાણે ફુટયો અશોકની શાખે.

અને વળી,

ગીતી.

અનંગ અંગ વિનાનો ધારિ પોતે નિન્ધ ગણે આજે,
હસ્તસ્પર્શનું સુખ તે હિણુ ભાગી ભોગવાને કાજે.

કાંચ૦—બાઇસાહેબ, ભગવાન પ્રદ્યુમ્નની પુજા કીધી તો ભર્તાને

યોગ્ય પુજા કરો

વાસ૦—તો પુષ્પ ચદન લાવ

કાંચ૦—આ તૈયાર છે બાઇ સાહેબ

(વાસવદત્તા રાજાની પુજા કરતી હોય એમ દેખાડે છે)

સાગ૦—(પુષ્પ લઇને) હાય, ધીક, હાય, ધીક, ફુલ વીણવામા બેભાન થઇ ગયલીએ મે કેમ બહુવાર લગાડી? તો આ સિન્ધુવારની ડાળીઓમા સતાઇને જોઉ (જોઇને) કેમ, પ્રત્યક્ષજ અપૂર્વ કુસુમાયુધ છે! મારા પિતાના અતપુરમા ચિત્રેલાની પુજા થાય છે, અહીંઆ તો પ્રત્યક્ષની, તો હુ પણ અહીં રહી આ ફુલોથી કુસુમાયુધને પુજુ (ફુલ નાખેછે) ભગવાન કુસુમાયુધ, તમને નમસ્કાર, મને શુભ દર્સન દેજો (નમેછે) આશ્ચર્ય આશ્ચર્ય, જોયા છતા ફરી જોવાનું મન થાય છે તો કોઇ ન દેખે એમ જતી રહુ (થોડાક પગલા જાય છે)

કાંચ૦—આર્યવસતક, આવ, તુ પણ પ્રસાદી લે

(વિદુશક જાય છે)

વાસ૦—(પુષ્પ ચદન વસ્ત્રદાનની સાથે) આર્ય, લે આ પ્રસાદી [આપેછે]

વિદુ૦—(હર્ષથી લઇને) તમારૂ કલ્યાણ થાઓ

(પડદામા વૈતાલીક બોલે છે)

(પ્રેમ વચન શરથી મનવી ધી—રાહ)

રાજપદ પૂજન અર્થે વિનયથી રાજસભા રહી આજ ખડીરે રાજ
પકજ જ્યોતી હરતા પગ જે દગને દેતા મોજ બડીરે રાજ.
ઉદયન, સાજે સેવા સારૂ જોતા સરવે વાટ વડીરે રાજ

સાગ૦—[હર્ષથી સાભળી, ફરીને રાજાને જોઇ, ઇચ્છાથી) કેમ, આજ રાજા ઉદયન કે જેની સાથે પીતાએ મારો વિવાહ કર્યો છે? (લાબો નિસાસો મુકી] પરસેવાથી પાતળુ થયલુ શરીર પણ આજ મને બહુ ગમે છે

સાગ૦—કેમ, ઓચ્છવમા લાગેલા ચિત્તથી સધ્યા વીતી તેપણ જણાઇ નહીં, દેવી જો—

ગીતી.

પૂર્વે સૂચવે શશીને છુપાયલો જે ઉદય ગીરી પૂઠે

રમણી હૃદય વસેના વહાલાને સુચવ પીળે મુખ
ને, હે તે, ચાલ ઉઠીએ, આ વાસમા જઈએ

(સર્વે ઉઠીને જાય છે)

સાગ૦—કેમ, બાઇસાહેબ ચાલ્યા? હશે, જલદી જાઉં કમનમીએ આ પુરૂશને વધારે વાર જોવાયો નહીં (જાયછે)

રાજા—ચાલતા

(કાલીંગડો કુમરી પ્રિયા મારીરે પ્રાણ થકી.—એ રાહ.)

છવી તારીરે દેવી અપીક રૂપાળી, છવી
કાન્તિ કમળની પંકજવદને, પીલી થઇ જોને ભાળી છવી
વક્ત્રપ્રભાએ પ્રભાકર હારી, નાખતો શરીરને ગાળી છવી-
ગણીકા ને પરિવારના ગાને, મધુકર લજ્જા વાળી છવી
સતાયે ચુપકીથી ધીમે, કળીના પટ સભાળી છવી

(સર્વ જાય છે)

ઇતિ મદનમહોત્સવ નામનો પ્રથમ અંક.

પ્રવેશક—

(પછી હાથમા મેનાનુ પાંજરૂ લઇને સુસંગતા પ્રવેશ કરે છે)

સુસંગતા—હા, ધિક્ક, હા, ધિક્ક, હવે મારા હાથમાં મેનાને આપીને કયા ગઇ હશે મારી પ્રિય સખી સાગરીકા ! (બીજી તરફ જોઇ) આખરે નિપુણીકા અહીંજ આવેછે તો એને પુછુ

(પછી નિપુણીકા પ્રવેશ કરેછે.)

નિપુણીકા—ભતાનો વૃતાત મને મળ્યો તો તેની ખબર બાઇ સાહેબને કહુ (જાયછે)

સુસં૦—અલી નિપુણીકા, વિસ્મયથી ક્ષોભ પામેલા હૃદયથી મને અહીં ઉભેલી નહીં ગણકારીને કયા જાયછે ?

નિપુ૦—કેમ, સુસંગતા ! અલી સુસંગતા, તે ઠીક જાણ્યુ મારા વિસ્મયનુ કારણ તો આ છે, આજે ખરે ભર્તા શ્રી પર્વતથી આવેલા શ્રી ખંડદાસ નામના ધાર્મીક પાસેથી અકાલ-કુસુમ-પ્રાપ્તિનુ દોહદ શીખીને પોતાની વહાલી નવમાલીકાને પુષ્પથી શોભાવશે તો એ વૃતાન્ત જાણવાને બાઇ સાહેબે મને મોકલી છે વાસ્તુ ક્યા જાય છે ?

સુસ૦—પ્રિય સખી સાગરીકાને શોધવા

નિપુ૦—અલી, રંગની પેટી, ચિત્રપાટને પીંછી લઇ ગભરાયલી કદલીગૃહમા પેસતા મે એને જોઈ છે, તો પ્રિય સખી પાસે ત્યા જા હુ પણ બાઇસાહેબ પાસ જાઉં છુ (સર્વે જાય છે)

ઇતિ પ્રવેશક

અંક બીજો.

(પછી ચિત્રપાટને પીંછી લેઇ મદન અવસ્થા દેખાડતી સાગરીકા પ્રવેશ કરે છે)

સાગ૦—હૃદય, પ્રસન્નથા, પ્રસન્નથા, જે પુરૂષ મળવો દુર્લભ તેવા પુરૂષની પ્રાર્થના જનુ ફળ માત્ર મહેનત છે તેવી પ્રાર્થના બસ કર વળી એને જોઈનેજ આટલો બધો સતાપ વધે છે તોયે એને ફરી જોવાનો તારો અભિલાષ થાયછે? અહો કેવી મુઢતા છે! (બિસ્મયથી) અરે કઠણ કાળજા, જન્મથી જે જનની સાથે ઉછરેલુ તેને તજી ક્ષણ માત્ર દર્શનના પરિચયવાળા પુરૂષની પાછળ જાય છે તેની તને લાજ નથી આવતી? અથવા એમા તારો શો દોશ! કામદેવના બાણ વાગ્યાના ડરથી તે આમ કર્યું હશે, કામદેવને હુ લદુ (આખમા આસુ આણી, હાથ જોડી ઘુટણીએ પડી) ભગવાન કુસુમાયુધ, સુર, અસુર સર્વને જીતનારા થઇને સ્ત્રીજનને મારી લજવાતા નથી' વિચારીને ખરેખર આ દુષ્ટ નિમિત્તથી મારૂ નિર્ભાગીનુ મોત આવ્યુ (પાટજોઈ) તો કોઈ ન આવે એટલામા પ્રિય જનનુ ચિત્ર કહાડી મરજીમા આવે તેમ કરૂ જો કે અતિ ભયથી મારા આગળા ધ્રુજે છે તોપણ તે પુરૂષને જોવાનો બીજો ઉપાય નથી તો જેમ તેમ કહાડી તેનુ દર્શન કરૂ (આળેખતી હોય એમ દેખાડે છે)

(પછી સુસગતા પ્રવેશ કરે છે)

સુસ૦—આ રહ્યુ કદલીગૃહ, તો અદર જાઉ (અદર જઈ, જોઇને વિસ્મયથી) આ રહી મારી પ્રિય સખી સાગરીકા કેમ, આ વળી ગાઢા પ્રેમથી ક્ષોભ પામેલા હૃદયને લીધે કઈ આળેખતી મને જોતી નથી! હશે, તો તેની નજરથી દૂર રહી જોઉ (ધીમે ને સાવચેતીથી તેની પાછળ રહી જો

હૃદેથી) શુ ભર્તા આળેખ્યા? ઠીક, સાગરીકા, ઠીક અથવા કમળ છોડી રાજહંસીનુ મન બીજે સંતોષાતુ નથી

સાગ૦—(આસુ આણી) એમને મે આળેખ્યા છતા આંખમા નિરતર આસુથી મારી નજરે કેમ જોવાતુ નથી? (મો [illegible] ? આસુ ખાળી સુસગતાને જોઈ પાટ લુગડેથી ઢાકી વિસ્મયથી) કેમ, પ્રિય સખી સુસગતા? (ઉઠી હાથ પકડી) બેન સુસગતા અહીં બેસ

સુસ૦—(બેશીને જોરથી પાટીયુ ખુચાવી જોઇને) બેન, આ કોની છબી કહાડી છે?

સાગ૦—(લજ્જાથી) હમણા આનના [illegible] ભગવાન કામદેવની

સુસ૦—(સ્મિતથી) ઓય તારી નિપુણતા ? વળી કેમ આ છબી શુન્ય જેવી દેખાય છે ? તો હુ પણ આલેખી તેને રતિ [illegible] (પીંછી લઇ રતિને નામે સાગરીકાને ચિત્રે છે)

સાગ૦—બેન, કેમ મારી છબી કહાડી?

સુસ૦—(હશીને) કેમ વિના કારણ ગુસ્સે થાય છે? [illegible] તે કામદેવ કહાડયા તેવી મે રતી કહાડી, તો અન્યથા વિચારવાળી, મને વૃત્તાન્ત કહે

સાગ૦—(લજવાઇને [illegible]) પ્રિય સખી મારુ જાણી ગઇ છે (પ્રકાશ) બેન, મને બહુ શરમ લાગે છે તો બીજુ કોઈ આ વાત ન જાણે તેમ કર

સુસ૦—સખી શરમાઇશ નહીં આના કન્યારત્નનો તો આનાજ વર માટે અભિલાષ હોવો જોઇએ, તોપણ આ વૃતાન્ત કોઇ બીજુ નહીં જાણે એમ કરીશ પણ આ ચતુર સારીકા કદાચિત્ આ વાત જાહેર થવાનુ કારણ થાય કદાપિ આ વાતના શબ્દ લઇ બીજાની મો આગળ ફરીથી બોલે •

સાગ૦—(ઉદ્વેગથી) બેન, આથી તો મને વધારે સતાપ થાય છે (મદનઅવસ્થા દેખાડે છે)

સુસ૦—(સાગરીકાને હૃદયે હાથ દઇ) બેન નિરાત રાખ, નિરાત રાખ, એટલામા હુ આ કુડમાથી કમળપત્ર અને તેના દાડા લઇ આવુ (જઇને ફરી પ્રવેશ કરીને કમળપત્રની પથારી કરી, દાડાના કડા કરી વધેલા કમળપત્ર સાગરીકાને હૃદયે મુકે છે)

સાગ૦—સખી, લઇ લે આ કમળપત્ર ને કડા, હવે થયુ, કેમ વિના કારણ તુ મહેનત લે છે ખરેખર કહુ છુ —

(સખી કેમ ન આવ્યા નાથ હજી—એ રાહ.)

સખી પ્રેમ છે દુર્લભ જન ભણી, પરવશ જીવ ગરમાઉં ઘણી   સખી
પ્રેમ વિષમ અતિ મુજને જણાયે, મરણ શરણ મેં આજ ગણી   સખી

(મુર્છા પામે છે)

સુસ૦—(કરૂણાથી) પ્રિય સખી સાગરીકા, શાન્તિ રાખ, શાન્તિ રાખ

(પડદામા કલકલાટ)

(લીલાવતી કેમ તું આવી માસરીએથી ઉદાસ.—એ રાહ.)

પિંજરથી છુટીને નાઠો મરકટ નૃપ આવાસ   પિંજર,
કંઠે કનકમય સાકળ લટકે, કિંકણના રવ નગની ચોપાસ   પિંજર
સીડી ઉતરતી નમદા ભ્હીને, તજી છેવટે પ્રાણની પૂર્ણ આશ   પિંજર
હયરક્ષક ગભરાઈ આથી, ફરી હાથ લેવા કરીને નાસભાગ   પિંજર

વળી—

(ભૈરવ—મુજને ભીખ માગતી તેજ કરી.)

તજી શર્મ ગયા ભાગી વ્યંઢળ—તજી
ભાગ્યા વ્યંઢળના મર્દ સકળ, વામનજી ત્રાસે થઇ વિહ્વળ   તજી
છડીદારના જામા માહી, પેસી કીધી વાર ન પળ   તજી
સરહદના કોળી સર્વેએ, નામ પ્રમાણે દાખવ્યું બળ   તજી
જો જો જોશે કોઇ રખેને ધારી કુબ્જો જાય નિચળ   તજી

સુસ૦—(સાંભળી, આગળ જોઇ ગભરાઇ ઉઠીને સાગરીકાને હાથમા લઇ) બેન, ઉઠ, ઉઠ આ દુષ્ટ વાનર અહીં આવે છે

સાગ૦—તો હવે શું કરીએ?

સુસ૦—તો આ તમાલપત્રની ડાળીઓના ઓથામા પેસી એનાથી દૂર રહીએ?

(બન્ને પરિક્રમણ કરી ભયથી એકાન્તમા જાય છે)

સાગ૦—સુસગતા, કેમ તે પાટ વિસારી? કદાપિ કોઇ જોશે તો?

સુસ૦—અરે નિર્ભય રહે. અહીંઆ ચિત્રપાટને શું કરી છે?

આ વળી દર્ભીબાનનો લાલચુ દુષ્ટ વાનર પાંજરું ઉઘાડીને આવ્યો આ ચતુરા ખરે ઉડીને બીજે જાય છે તો ચાલ, જલદી તેની પાછળ જઇએ આપણી વાતના શબ્દો બીજા આગળ કહી દેશે

સાગ૦—સખી એમ કરીએ

(પડદામાં)

કે, કે, હો, હો, આશ્ચર્ય, આશ્ચર્ય

સાગ૦—(જોઇને) ફરી પણ દુષ્ટ વાનરો આવે છે એમ જણાય કે

સુસ૦—(જોઇને હસીને) અરે બ્હીકણ, ડર નહીં, ભર્તાની પાસે રહેનાર આ તો આર્ય વસન્ત છે

(પછી વિદુષક પ્રવેશ કરે છે)

વસન્તક—કે, કે, હો હો આશ્ચર્ય, આશ્ચર્ય, સાબાશકે ધાર્મિક શ્રીખંડદાસ સાબાશ

સાગ૦—(સ્પૃહાથી જોઇને) બેન સુસંગતા, આ આદમી જોવા લાયક છે

સુસ૦—બેન સુસ્થિતા આમાં શું જોવું છે? ખરે મેના દૂર ગઇ, તો ચાલ એની પાછળ જઇએ (જાય છે)

વસ૦—સાબાશકે ધાર્મિક શ્રીખંડદાસ સાબાશ, માત્ર દોહદ દીધું કે તરતજ નવમાલીકા આવી બની જાણે નિરંતર કુસુમના ગુચ્છાથી શોભતી ડાળીઓથી બાઇ સાહેબની વહાલી માધવીલતાને હસતી હોય નહીં ! એમ જણાય છે આખરે પ્રિય મિત્ર, દોહદની ખાત્રીને લીધે પરોક્ષ છતાં પ્રત્યક્ષ ફુલ આવેલી નવમાલીકાને જોઇને હરખાતા નયને આમ આવે છે-(રાજા તરફ ચાલ્યો)

(પછી રાજા પ્રવેશ કરે છે)

રાજા—(હર્ષથી)

(મહીનું સુખ બનાવ પ્રેમદા પ્રેમ ભરીરે.—એ રાહ.)

રાણીનું મુખ લાલ, કરૂ ક્રોધ આગ કરીરે રાણી
જાણે વહાલીને જોઇ કે, પરસ્ત્રી પર મુજ વહાલ,
ચેન નહીં ચિત મુખડુ પીળુ, આસુની પરનાળી,
પિડાયે રાગ ભરીરે રાણી

વિદુ૦—(સહસા પાસે જઇને) જયજયકાર, પ્રિય મિત્ર, હે મિત્ર, દૈવે કરી આપની વૃદ્ધિ છે (માત્ર દોહદ દીધું વિગેરે ફરી બોલે છે)

રાજા૦—હે મિત્ર, એમા ગો સન્દેહ મણીમન્ત્ર ઓપધીનો પ્રમાવ અણુચિન્ત્યો છે જો—

(લઇ માથે મટુકી મહીઆરી થઇ—એ રાહ.)

અરી નાકો નિહાળી હરી ડકે મણી,
પાતાળે વસતા ભૂજગો કિધો નાશ મન્ત્રશાસ્ત્રી મન્ત્ર ભણીરે   અરી
પૂર્વે લક્ષ્મણુ વીર વાનર ભટ, મુવા મેવનાદ કર્યું નર્તં સુણીરે   અરી
મહા ઓષધી ગુણુનિધિ ગન્ધ પીને, થતા આગ પ્રાણ ફરી આવના તણી અ

તો માર્ગ બતાવ કે જે જોઇને આજે ચક્ષુનુ સુખ અનુભવુ (મગ-રીથી) આમ, આમ, મહરાજ

રાજા૦—આગળ ચાલ

(બન્ને ગર્વથી જાય છે)

વિદુ૦—(સાભળી, ભયથી રાજાના હાથ ઝાલી ગભગાટથી) હે મિત્ર, ચાલો નાશી જઇએ

રાજા૦—શા માટે?

વિદુ૦—આ બકુલ ઝાડમા કોઇ ભૂત રહે છે

રાજા—ધિક મૂર્ખ, બેધડક ચાલ, એનો પ્રભાવ અહી ક્યાથી?

વિદુ૦—સ્પષ્ટ બોલે છે જો મારૂ કહ્યુ ન માનતા હો તો આગળ જઈ તમેજ સાભળો

રાજા—(તેમ કરી સાભળી)

ગીતી.

સ્ત્રીના ગુણથી મધુર, છુટા છુટા અક્ષરથી એના,
અલ્પ અગના ધીમા સ્વરથી જાણુ બોલે છે મેના

(ઊચે નિપૂણતાથી જોઇ) કેમ, સારીકા

વિદુ૦—(વિચારીને) ખરે આ તો સારીકા

રાજા—(સ્મિતથી) મિત્ર, હા

વિદુ૦—હે મિત્ર, તમે બ્હીકણુ છો, આ સારીકાને ભૂત કહો છો!

રાજા—ધિક મૂર્ખ, પોતે કહે છે ને મારા પર ઢોળે છે?

વિદુ૦—હે મિત્ર, એમ હોય તો મને વારશો નહીં, (રોષથી લાકડી ઉગામી) મેર રાડ, તુ જાણે છે કે વસતક બ્હીએ છે તો રહે, હમણા ઘાયલાના હૃદય જેવી વાકી લાકડીથી પાકા કોઠની પેઠે બકુલ

ઝાડથી નીચજ પાડીશ,

રાજા—(નાગીને) મૂર્ખ, આ કઇંક કઇંક રમણીય બોલે છે તો એને કેમ ત્રાસ દે છે? લે સાભળીએ

(બન્ને સાભળે છે)

વિદુ૦—એમ કહે છે કે આ બ્રાહ્મણને જમાડો

રાજા૦—જેને પેટ વહાલુ છે તેને તો હમેશા ખાવાનીજ વાત, તો સાચે સાચુ કહે સારીકા શુ કહે છે

વિદુ૦—(સાભળીને) હે મિત્ર, એણે કહ્યુ તે સાભળ્યુ? એ કહે છે કે "સખી, આ કોની છબી કહાડી છે? હાલ ગાનતા મદનઓચ્છવના કામદેવની" વળી કહે છે કે "સખી મારી છબી અહીં કેમ કહાડી? સખી વિનાકારણ કેમ ગુસ્સે થાય છે? જેવા તે કામદેવ કહાડયા તેની મે રતી કહાડી, તો અન્યથા વિચારવાળી, શુ કરવા આમ બોલે છે? સર્વ વૃતાન્ત કહે" હે મિત્ર, આ શુ?

રાજા—હે મિત્ર, એમ ધારૂ છુ કે કોઇપણ સ્ત્રી પોતાના હૃદયવલ્લભની પ્રેમથી છબી કહાડીને સખી આગળ કામદેવનુ નામ દઇ ઢાંકે છે, તે તેની સખી જાણી ગઇ અને ચતુરાઇથી ત્યા એનુ ચિત્ર કહાડી રતિ નામથી બતાવે છે

વિદુ૦—હે મિત્ર, (ચુટકી વગાડી) ખરૂ, બરોબર છે

રાજા—હે મિત્ર, છાનો રહે, ફરી પણ તે બોલે છે તો તે સાભળીએ

(બન્ને સાભળે છે)

વિદુ૦—ફરી આ એ બોલે છે કે "સખી લજવાઇશ નહીં, આવા કન્યારત્નનો આવાજ વર માટે અભિલાપ હોવો જોઇએ" તો આ કહાડેલી કન્યા જોવા લાયક છે.

રાજા—જો એમ હોય તો ધ્યાન દઇને સાભળીએ. આ આપણી જીજ્ઞાસાની તક છે

વિદુ૦—હે મિત્ર, પણ્ડિતાઇનો ગર્વ ન ધરો, હુ એના મોએથી સાભળીને સર્વ કહીશ

(બન્ને સાભળે છે)

વિદુ૦—હે મિત્ર, એણે કહ્યુ તે સાભળ્યુ? બેન, આથી મને અતિશે સતાપ થાય છે બેન લઇ લે કમળપત્ર ને કદી, બહુ થયુ, વિના કારણ શા માટે મર્દન વે 'કે

રાજા—મિત્ર, ન કેવળ સાભળ્યુ, અભિપ્રાય પણ જાણ્યો
વિદુ૦—હે મિત્ર, હજી પણ આ રાડની સારીકા ડુરકુર કરે છે
રાજા—ઠીક કહ્યુ

(ફરી સાભળે છે)

વિદુ૦—હે મિત્ર, આ રાડની મેના ચતુર્વેદી બ્રાહ્મણની પેઠે ઋચાઓ બોલવા લાગી

રાજા—મારૂ મન બીજે હતુ તેથી કહેને એણે શુ કહ્યુ ?
વિદુ૦—હે, એમ કહે છે—

(સખી કેમ ન આવ્યા નાથ હજી—એ રાહ.)

સખી પ્રેમ છે દુર્લભજન ભણી, પરવશ જીવ શરમાઉં ઘણી સખી
પ્રેમ વિષમ અતિ મુજને જણાયે મરણશરણ મે આજ ગણી સખી

રાજા—(સ્મિતથી) મીત્ર, આવા બ્રાહ્મણ વિના આવી ઋચાઓ બીજુ કોણ સમજે ?

વિદુ૦—ચારે આ શુ ?

રાજા—આતો પીલુ છે

વિદુ૦—શુ પીલુ, તો શુ તે કહે છે?

રાજા—મિત્ર, કોઇપણ નવ યૌવનાએ પ્રિયતમ ન મળ્યાથી જીવની બેદરકારીથી આમ કહ્યુ છે

વિદુ૦—(ખુબ હસી) હે, વાકુ શુ કરવા બોલો છો? સીધેસીધુ કહોને, જે હુ ન મળ્યો તેથી, અથવા કામદેવને નામે બીજો કોણ હોય (તાલી દઇ ખુબ હસે છે)

રાજા—(ઊચુ જોઇને) ધિક મૂર્ખ, ખુબ હસીને આ બિચારીને કેમ ત્રાસ દે છે ? એ ઉડીને કયાયે ગઇ (એમ દેખાડે છે)

વિદુ૦—(જોઇને) બીજે કઇ ન ધારતા, આ કદલી ગૃહમા ગઇ છે તો ચાલો તેની પાછળ જઇએ (જાય છે)

રાજા—

(વાલમ આવેરે—એ રાહ.)

વદે વામારે, બેની જોને આ મદન બાણ,
સહુ ન જાણુ, ખેચી પાણ, ફેંકે સામારે વદે

શુક શિશુને સારિકાના શબ્દ ફરી જાંમ્યા,
ધન્ય અતિ જેના, દુખ સર્વેસા વિરામ્યા,
કાન પામ્યા, સુખ આમારે, વદે

વિદુ૦—આખરે કદલી ગૃહ, તો ચાલો જઇએ

(બન્ને પેસે છે.)

વિદુ૦—અરે પેલી રાંડની સારીકાને શોધવુ બસ કરો અહીં થોડીવાર મલય મારૂતથી ઝુલતી કેળને લીધે ઠડી શીલા તળે બેશી વિશ્રામ પામીએ

રાજા—જેમ તારી મરજી

(બેસે છે રાજા નીસાસા નાખી " વદે વામારે " એ ફરી ગાય છે)

વિદુ૦—(પાછળ જોઇ) પેલા દુષ્ટ વાનરે ઉઘાડી નાખ્યુ તે આજ મેનાનુ પાજરૂ હશે

રાજા—મિત્ર, જો તપાસ

વિદુ૦—જેમ મહારાજની આજ્ઞા આ વળી ચિત્રપાટ છે તો લઉં એને (લઇને જોઇને હર્ષ બતાવે છે)

રાજા—(કૌતુકથી) મિત્ર, એ શુ છે?

વિદુ૦—હે મિત્ર, દૈવે કરી તમારી વૃદ્ધિ છે, આ તો મે જે તમને કહ્યુ હતુ તેજ, તમારી આ છબી કહાડી છે અથવા કામદેવને નામે બીજુ કોણ હોય

રાજા—(હર્ષથી હાથ પસારી) મિત્ર, દેખાડ, દેખાડ.

વિદુ૦—હુ તમને નહીં દેખાડુ, પેલી કન્યા પણ અહીં આળેખેલી છે આવુ કન્યારત્ન જોયા વિના પરિતોષ કેમ થાય?

રાજા—(કડુ આપીને બળથી લઇને જુવે છે, (જોઇને વિસ્મયથી) મિત્ર જો—

(પ્યારી તુ છે જીવન મારી—એ રાહ.)

ચિત્ર કઇ છે મોહક નારી ચિત્રે.
હૃદયકમળમા એહ વસે છે, કાન્તિ કમળ ધિક્કારી ચિત્રે.
આજ નજરથી એમ જણાયે, પ્રીતી અમ પર સારી. ચિત્રે.
અપૂર્વ પૂર્ણેન્દુ મુખ રચીને, બ્રહ્માની ભૂલ ભારી ચિત્રે
પદ્માસનનુ પદ્મ મિટાવ્યુ, આસન નહીં સુખકારી ચિત્રે.

(પછી સાગરીકા અને સુસગતા પ્રવેશ કરે છે)

સાગ૦—સખી સુસગતા, મેના આપણુને જડી નહીં તો ચાલો આ કદલીગૃહમાથી ચિત્રપાટ લઇ ઝટ આવીએ.

સુ૦—બેન, એમ કરીએ (જાય છે)

વિદુ૦—હે મિત્ર, આ વળી નીચે મોએ કેમ કહાડી છે ?

સુસ૦—(સાભળીને) સખી, વસતક કહે છે તે પ્રમાણે બનતાં પણુ અહીંજ હોવા જોઇએ, તો કદલીગૃહની છાયામા રહી આપણે જોઇએ (બન્ને સાભળે છે)

રાજા—મિત્ર, જો, જો (અપૂર્વ પૂર્ણેન્દુમુખ વિગેરે ફરી બોલે છે)

સુસ૦—સખી, દૈવથી તારી વૃદ્ધિ છે આ તારો હૃદયવલ્લભ તને વર્ણવે છે

સા૦—(લજ્જાથી) કેમ બેન, આ માણુસને તારા પરિહાસ્યના ગુણુથી હલકુ પાડે છે ?

વિદુ૦—(રાજાને હલાવીને) હુ કહુ છુ કે આ નીચા મો વાળી ક્યાથી આલેખી

રાજા—મિત્ર, બધુએ મેનાએ કહ્યુ છે

સુસ૦—(હસીને) બેન, સારીકાએ પોતાની બુદ્ધિ જણાવી

વિદુ૦—તમારી આખને ગમે છે કે નહીં ?

સા૦—(ભયથી સ્વગત) હા, ધિક, હા, ધિક, કોણુ જાણે એ શુયે કહેશે ? તો ખરેખર મારી સ્થિતિ જીવન્મૃત જેવી છે

રાજા—મિત્ર ગમે છે એમ શુ કહે છે

(મોહી રહ્યો છું મંદ હાસ્યમાં રસીલી તારા.—એ રાહ.)

નેનો નિર ભરિ નિહાળે રે, રસીલા મારા • નેનો
યત્નથી સુચીર ઉરૂ જોડને વટીને, ભટકયા નિતબની પાળેરે રસીલા
ત્રિવલીતરગ વિષમ કટી છોડી જાતા, માર્ગ અતિ ગહન મુને ખાળેરે રસીલા.
તુગ કુચ ધીમે ચડિ વાસ કરવા ઇચ્છયુ દૃષ્ટિ તૃષાળેરે રસીલા

સાગ૦—(સાભળીને સ્વગત) હૃદય, પ્રસન્ન થા, નિરાત રાખ, નિરાત રાખ, મનોરથ પણુ તારો આટલેજ દરજ્જે પોહોચ્યો છે

સુસ૦—બેન, સાંભળ્યુ તે ?

સાગ૦—(હશીને) તુજ સાંભળ, કે જેની ચિત્રકળાના જ્ઞાનનુ વર્ણુન છે.

વિદુ૦—(પાટ જોઇ) હે મિત્ર, આવી ખુબસુરત સ્ત્રી પણ જે- નો સમાગમ આ પ્રમાણે બહુ માને છે એવા જે તમે તે પોતાને કેમ તુચ્છ ગણો છો? કે તેણીએ કાઢેલી તમારી છબી તમે જોતા નથી?

રાજા—(બારીકાઇથી જોઇને) એણે મારી છબી કહાડી છે તેથી હું પોતાને બહુ માનું છુ તો કેમ ન જોઉં? જો—

(નાથ નવ કરો વાત ઘર જવાનીરે.—એ રાહ.)

આળેખતા છવી, અશ્રુ ઓઘ તેણીનો,
મુને દેખાય, પ્રસેવ થાય, વપુ ભિજાય,
થયો જરાય, હસ્ત સ્પર્શ તન્વિનો આળેખતા

વિદુ૦—(પાછળ જોઇ) હે મિત્ર, આખરે, કમળદળ અને દાં- ડાની રચના તેની મદનઅવસ્થા સુચક જણાય છે

રાજા--(નિપૂણતાથી) જોયુ મિત્ર, કારણ—

(મદન પડયો કેડેરે, ઘણી ગભરાઇરે.—એ રાહ.)

કમળપાન સેજેરે (૨) પડી રહી ત્યાગિરે કમળ
કરવેલા થઇ લોથ પડયાથી, આમ તેમ લોટવા લાગીરે કમળ
તન્વી તણો એ તાપ જણાવે, રમ્ય રચના એની ભાગીરે કમળ
પીન સ્તનો જઘનો અડકયાથી, બન્ને બાજુએ દાબીરે કમળ
મધ્યા સેજે સે’જે અડી નહીં, તેથા તે ભાગનીલરાગીરે કમળ

અને વળી,

(મે જાનતીથી પરીચુ સે અચ્છા નહી કોઇ.—એ રાહ.)

ઉરે વિશાળ પદ્મિની પત્ર જે મુક્યુ તે,
નહીં ભાખે કામે પિડાયેલી સ્થીતિ તેણીની ખરે. ઉરે
વિસ્તાર એ સ્તનનો કહે કુડાળથી પડેલ,
જે કરમાયા તાપથી કુચ તે પરે અડેલ ઉરે

વિદુ૦—(કમળનો દાંડો લઈ) હે મિત્ર, વળી પીન સ્તનોથી પડેલો માટે કલેશ પામતો આ રહ્યો કોમળ કમળદાંડાનો હાર, જુઓ મહારાજ

રાજા—(ધ્યાને જાનીએ મુકી દપકાની સાથે) અરે જડમતિ—

બેત.

કુચ કુભ મધ્યેથી પડેલા હાર શુ સોસાય છે?
નહિ સુક્ષ્મ તન્તુની જગ્યા, અવકાશ તારો કયાંયછે   કુચ

સુસં૦—(સ્વગત) હાધિક, હાધિક, ગાઢા પ્રેમથી ક્ષોભ પામેલા હૃદયવાળા ભર્તા પણ ગમે તેમ બોલવા લાગ્યા છે તો એથી વધારેની અપેક્ષા રાખવી યોગ્ય નથી ઠીક છે (પ્રકાશમા) સખી જેને માટે તુ આવી તે આ તારા મો આગળ છે

સાગ૦—(અસુયાથી) કોને માટે હુ આવી? અથવા કોણુ અહીં છે?

સુસ૦—અરે અન્ય શકાવાળી, ખરે ચિત્રપાટ માટે, તો લે એને

સાગ૦—(રોપથી) તારી આવી વાતો હુ સમજતી નથી, તો આ જાઉં બીજે (જવા ઇચ્છે છે)

સુસ૦—અરે અસહના, રહે જરા, એટલામા કદલી ગૃહમાથી હુ ચિત્રપાટ લઇ આવુ.

સાગ૦—સખી એમ કર

(સુસગતા કદલીગૃહના મોં આગળ જાય છે)

વિદુ૦—(સુસંગતાને જોઇને ગભરાટથી) હે મિત્ર, ઢાકો આ ચિત્રપાટને, આખરે બાઇસાહેબની દાસી સુસગતા આવી.

(રાજા છેડાથી પાટ ઢાંકેછે)

સુસ૦—(આવીને) જય જય ભર્તા

રાજા—સુસગતા, આવ બેસ અહીં

(સુસગતા બેસે છે.)

રાજા—સુસગતા, હુ અહીં છુ એ તે શી રીતે જાણ્યુ ?

સુસં૦—કેવળ મહારાજ અહીં છે એજ નહીં પણ ચિત્રપાટ વિ-ષેનોએ સર્વ વૃતાન્ત મે જાણ્યો તો જઇને દેવીને કહુ (જવા ઇચ્છેછે)

વિદુ૦—(ભયથી વારીને) હે મિત્ર, બધુ મનાય એમ છે, આ રાંડેજણી બહુ વાચાળ છે તો એને પરિતોષ કરો

રાજા—તે ઠીક કહ્યું (સુસગતાનો હાથ ઝાલી) સુસગતા, આ તો માત્ર રમત હતી, વિનાકારણ દેવીને ન દુભવતી, લે આ તારૂ ઇનામ (આભરણ ઉતારીને આપવા ઇચ્છે છે).

સુસ૦—ભર્તા, રહેવા દો આ કુતુહલ, વળી રાણીના પ્રમાદે હુ બહુએ રમી છુ, આજ મારા પર મોટી મહેરબાની જે "શા માટે મને આ ચિત્રપાટ ઉપર કહાડી" એમ ગુસ્સે થઇને કહેતી આ રહી મારી પ્રિય સખી સાગરીકા, તો ત્યા જઇ તેનો હાથ ઝાલી તેને ખુશી કરો

રાજા—(ગભરાટથી ઉઠીને) ક્યા છે ? દેખાડને, દેખાડને

સુસ૦—એ રહી પેલી કેળોના જુથમા

રાજા—(હર્ષથી) માર્ગ બતાવ

સુસ૦—આમ, આમ, ભર્તા !

(સર્વે કદલીગૃહમાથી નિકળ્યા)

સાગ૦—(રાજાને જોઇને હર્ષથી, ભયથી, કંપથી સ્વગત) એમને જોયાથી મને ડર લાગે છે તેથી એક ડગલુએ જવાતુ નથી, તો હવે શુ કરૂ ?

વિદુ૦—અરે લાવો હુ ચિત્રપાટ લઉં, કદાપિ ફરી આ કામ આવે (સાગરીકાને જોઈને) ઓ હો, રે, રે, આશ્ચર્ય મનુષ્ય લોકમા આવુ કન્યારત્ન ન હોય, તો ધારૂ છુ કે આ નિર્માને પ્રજાપતિ વિસ્મય થયા હશે

રાજા—હે મિત્ર, મને પણ એમ લાગે છે

(ભૈરવ ત્રીતાલ એ જમવા અભિલાખ—એ રાહ.)

રૂપ ધડીને આ શિરોમણી રૂપ ઘડીને આ. રૂપ
ઉઘડી પહોળી થઇઅજચક્ષુ, શ્વેત છત્ર જીતવા શિરો
ધન્ય ધન્ય ચોમુખ ઉચ્ચારે શિર ધુણ્યા વિધિના શિરો

સાગ૦—(અસુયાથી સુસગતાને જોઇને) આ ચિત્રપાટ લાવી કે ? (જવા ઇચ્છે છે)

રાજા—

(સ્વામીને વશ કરવા ધર્યા મેં શણગાર.—એ રાહ.)

ભામિની અમપર કરે દૃષ્ટિ રોશવાર. ભામિની
સૈ'લ તોય સ્નેહ ભરિ જરિ નહિ રોષ ધરે,
હૈયે ના સુખી લગાર ભામિનિ
ત્વરા તજી જા ધીમે ધીમે, ઠોકર ખાતો પદ સંચાર,
ઝાંકી પાકી જાશે ગાત્રો, વહે નિત બનો ભાર ભામિનિ

સુસં૦—બર્તા, આ બહુ ક્રોધી છે, તો કાંડું પકડી પ્રસન્ન કરો

રાજા—(આનંદથી) જેમ કહે તેમ (સાગરીકાનો હાથ ઝાલી સ્પર્શસુખ બતાવે છે)

વિદુ૦—અરે આ તો તનો અપૂર્વ શ્રી મળી!

રાજા—મિત્ર, ખરેખર

ગીતી.

શ્રી આ, પાણી એનો પારિજાતકના પલ્લવ દીસે,
નહીં તો ક્યાથી ઝરતુ, અમત આ જે સ્વેદ તણા મીશે

સુસ૦—બેન, તુ તો અનાડી છે, કે બર્તાએ તારો હાથ ઝાલ્યા છતા ગુસ્સો મુકતી નથી

સાગ૦—(ભ્રમુ ચઢાવી) સુસગતા, હજી જપતી નથી કે?

રાજા—વહાલી સાગરીકા, બેનપણી ઉપર આવો ગુસ્સો યોગ્ય નહીં

વિદુ૦—બાઇ ભુખ્યા બ્રાહ્મણની પેઠે કેમ ગુસ્સો કરે છે?

સુસં૦—હું તારીસાથે બોલીશ નહીં.

રાજા—અરે કોપના, સરખેસરખી સખીઓ સાથે આ ઠીક નહીં

વિદુ૦—રે ખરેખર આતો બીજા વાસવદત્તા બાઇ સાહેબ

(રાજા ચકિત થઇ સાગરીકાનો હાથ મુકે છે)

સાગ૦—(ગભરાઇને) સુસગતા, હવે શુ કરીએ?

સુસ૦—આ કેળના રસ્તેથી જતા રહીએ (જાય છે)

રાજા—(પાછળ જોઇ વિસ્મયથી) ક્યા છે દેવી વાસવદત્તા?

વિદુ૦—રે ક્યા છે એની મને ખબર નથી, મે તો બહુ ગુસ્સાને લીધે કહ્યું કે આતો ખરેખર બીજા વાસવદત્તા બાઇસાહેબ છે

રાજા—ધિક મૂર્ખ—

(પ્યારસે બદલી કયુ નજર તોરી—એ રાહ.)

કેમે મળી આ દૈવે કરીને કેમે
રાગ પ્રકટથી પૂરણ પ્રમદા, કંઠે પરસ નહીં થાય,
મણિમાલા એ મારી કાન્તા, હાથેથી છટકી જાયે ફરીને કેમે

(પછી વાસવદત્તા ને કાંચનમાલા પ્રવેશ કરે છે)

વાસ૦—અલી કાંચનમાલા, આર્યપુત્રની વહાલી નવમાલીકા કેટલે દુર છે?

કાંચ૦—આ કદલીગૃહ મુકીને દેખાય છે તે.

વાસ૦—તો માર્ગ બતાવ

કાંચ૦—આમ, આમ, બાઇસાહેબ (જાય છે)

રાજા—મિત્ર, વહાલીને કયા જોઇશ?

કાંચં૦—બતાં પાસે બોલે છે તેથી એમ ધારૂ છુ કે આપની રાહ જોતા ઉભા હશે તો એમની પાસે પધારો, બાઈસાહેબ

વાસ૦—જય જય આર્યપુત્ર

રાજા—(પડખે) મિત્ર ચિત્રપાટ ઢાક (વિદુશક લઇને બગલમા મારે છે)

વાસ૦—આર્યપુત્ર, નવમાલીકાને ફુલ આવ્યા?

રાજા—(વિસ્મયથી) દેવી, અમે પહેલા આવ્યા ને તને વાર લાગશે એમ ધારી અમે તેને જોઈ નથી ચાલો સાથે જોઇએ

વાસ૦—(મશ્કરીથી) આર્યપુત્રના મોના રગથીજ જણાય છે કે નવમાલીકાને ફુલ આવ્યા, તો હુ તો નહીં આવુ

વિદુ૦—બાઇસાહેબ, જો એમ હોય તો અમે જીત્યા (હાથ લાંબા કરીને નાચે છે, બગલમાથી પડી ગયેલી પાટ જોઇ ખેદ પામે છે)

(રાજા પડખે આગળીથી દેખાડી વસતકના મો સામુ જુવે છે)

વિદુ૦—(પડખે) રે, રે, ગુસ્સે થશો નહીં, જવાબ દેતા આવડે છે

કાંચ૦—(પાટલઇ) બાઇસાહેબ, જુઓની આ પાટ ઉપર કોની છબી કહાડી છે

વાસ૦—(જોઇને સ્વગત) આ આર્યપુત્ર, આ વળી સાગરીકા (પ્રકાશ રાજાને કોપ ને હાસ્યની સાથે) આર્યપુત્ર, આ કોણે આળેખ્યુ છે?

રાજા—(શરમાઇને, સ્મિતથી, પડખે) મીત્ર, શુ કહુ?

વિદુ૦—(પડખે) રે, ચિતા નકરો, હુ જવાબ દઉછુ (પ્રકાશ વાસવદત્તાને) બાઇસાહેબ, બીજુ કાઇ ન ધારતા મને ચિત્ર કહાડતા મુશ્કલ પડે છે એવુ મારૂ વચન સાભળી પ્રિયમિત્રે આ આળેખી દેખાડયુ

રાજા—વસતક કહેછે તેમજ

વાસ૦—(પાટ દેખાડી) આર્યપુત્ર, આ વળી તમારી જોડે જે બીજી કહાડેલી છે તે વસતકનુ જ્ઞાન છે?

રાજા—(શરમાઇને સ્મિતથી) દેવી બીજુ કાઇ ન ધારતી, આ કોઇ એક કન્યા મનથી કલ્પીને કહાડી છે, કોઇ દહાડો જોઈ નથી

વિદુ૦—ખરેખર જનોઇના સોગન જો આવી મે કોઇ દહાડો જોઈ હોયતો

કાંચ૦—(પડખે) બાઇસાહેબ, કદાચ આ આકસ્માતિક મેળ હશે તો કોપ શું કરવા કરોછો?

વાસ૦—(પડખે) અરે ભોળી, આનું દગા ભરેલું બોલવું નથી જાણતી? આતો વસંતક છે (પ્રકાશ રાજાને) આર્યપુત્ર, પણ આ ચિત્ર જોઇને મારૂં માથું દુખવા આવ્યું, તો રહો હું જાઉંછું (ઉઠી ને જવા ઇચ્છે છે

રાજા—(છેડો પકડી) દેવી

માલ્હાર

પાખે કોપ "પ્રસન્નથા" એ કહેવું ના ઘટે પાખે
."કરીશ નહીં હું ઓફરીથી" તો થાયે કબુલાત
"દોષ નહીં" કહું તો જુઠાણું સુઝે નહીં કઇ વાતરે, પ્યારી કહેવું નાઘટે પાખે

વાસ૦—(વિનયથી છેડો ખેચતી) આર્યપુત્ર, બીજું કંઇ ન ધારતા, મારૂં માથું દુખે છે તેથી હું જાઉંછું. (જાય છે)

વિદુ૦—રે સારે ભાગ્યે આપણો ઉદય છે, ક્ષેમકુશળથી અકાળ વાદળુ બાઇસાહેબ ગયા

રાજા—ધિક, મુર્ખ, વાળ્યો સંતોષા જતા જતા દેવીએ છુપાવેલો ગુસ્સો તે ન જોયો? જો-

(અહો તમસમાન ઘર નારી રાહ)

જોકે સહસાભવા ચડાવી, મહદ મુખ એનું નમ્યું તોયે. સહસા
ભેદક હશી જરા મારી તરફે, નીષ્ઠુર બોલી નહીં એ હરફે
અન્તર બાષ્પ થકી જડ થયલી, નેનો નહીં ઉઘાડી,
નહીં કોપે વિવેક છાંડી જોકે સહસા

'વિદુ૦—ગયા બાઇસાહેબ તો નકામું શુંકરવા આમ કરોછો?

રાજા—મૂઢ, દેવીનો કોપ તે ન જોયો? તો સર્વથા એને ખુશી કર્યા વિના બીજો ઉપાય મને કળાતો નથી. તો ચાલ દેવીને ખુશી કરવા ને અંદર જઇએ. (જાય છે)

॥ ઇતિ કદલી ગૃહ નામનો બીજો અંક ॥

પ્રવેશક.

(પછી મદનીકા પ્રવેશ કરેછે)

મદનીકા—(આકાશે) કૌશાબીકા, બાઇસાહેબ પાસે તે નાચ નમાવ્વાને જોઇ? (કાનદઇ સાભળીને) શુ કહેછે? તેને આવીગયાને તો ઘણો વખત થયો, તો કયા એને જોઉં?

(પછી કાચનમાલા પ્રવેશ કરેછે)

કાંચ૦—(મશ્કરીમા) શાબાશરે, વસતક, શાબાશ સધિ વિગ્રહની ચિતાથી તે અમાત્ય યૌગન્ધરાયણને માદ કર્યા છે

મદ૦—(હશી પાસે આવી) અલી કાચનમાલા, વસતકે આ જ એવુ શુ કર્યું છે જે તેને મારે તુ આટલા તેના વખાણુ કરેછે?

કાચ૦—અલી મદનીકા, તારે એ પુછીને શુકામ છે? આ વાત તારા પેટમા રહી શકે નહીં

મદ૦—બાઇસાહેબના પગની સોગન જો હુ કોઇનેય કહુતો

કાંચ—જો એમ છે તો સાભળ હુ કહુછુ, આજે મે રાજમહેલ થી પાછા આવતા ચિત્રશાળા દ્વારે વસતકને ને સુસગતાને વાતો કરતા સાભળ્યા

મદ૦—(કૌતુકથી) બેન, કહેને શીવાત કરતા હતા?

કાંચ૦—એમ વસતકે કહ્યુ કે સુસગતા, સાગરીકા વિના બીજુ કઇ પ્રિય મિત્રની બેચેનીનુ કારણુ નથી તો તેનો પ્રતિકાર વિચાર

મદ૦—પછી સુસગતાએ શુ કહ્યુ?

કાંચ૦—પછી તેણે એમ કહ્યુ કે આજે ખરે બાઇસાહેબે ચિત્રપાટના વૃતાતથી સાગરીકા ઉપર શક લાવીને મને પહેરેલુ લુગડુ બક્ષીસ કર્યુ છે તે સાગરીકાંને પહેરાવી રાણીનો વેશ કરીને હું પણુ કાચનમાલાનો વેશ ધારણુ કરી, અમે સાજે ભર્તા પાસે જઇશુ તુ પણુ ચિત્રશાળા દ્વારે જોતો રહેજે તો માધવીલતા મડપમા તેનો ને સ્વામીના સગમ થશે

મદ૦—અલી સુસગતા, દુષ્ટ ચડાળ, પરિજનવત્સલરાણીને તુ છેતરે છે?

કાંચ૦—અલી મદનીકા હવે તું કયા જાયછે?

મદ૦—મહારાજના શરીરના કુશળ વૃતાન્ત જાણુવાને મને મોકલી હતી પણુ તને વાર લાગ્યાથી બાઇસાહેબના જીવને ઉત્પાત થયો

તેથી મને ખબર કહાડવા મોકલી છે

કાંચ૦—બાઇસાહેબ ઘણા ભોળા છે કે આ ખરૂ માને છે (ફરી ને જોઇ) કેમ, આ મહારાજ બેચેનીને બહાને મદનઅવસ્થા છુપાવી હસ્થીદત મહેલે ઉભા છે તો ચાલ આ વૃતાન્ત બાઇસાહેબને કહીએ

(જાય છે)

ઇતિ પ્રવેશક

અંક ત્રીજો.

(પછી મદનઅવસ્થા દેખાડતો રાજા બેઠો છે)

રાજા—(ઇચ્છાતુર, નિસાસાથી)

ભૈરવી.

સહેતુ મનવા સ્મર સંતાપ—સહે
સાધન નહીં કઇ શાન્તિ ઉપજે,
ફોકટ શુ પરિતાપ સહે
મન મૂરખ થઇ મેલી મે નહીં,
તુજપરકરની છાપ સહે
મુશ્કીલથી મેળવિયુ મે જે,
ચદન ચેન અમાપ સહે

અરે ઘણુ આશ્ચર્ય વળી

(સોહાનો કનરો.)

મન છે ચચળ મૂળથી જાણો, સે'લ નિશાન નહીં એ પ્રમાણો. મન.
કામે કેવી રીતથી વીંધ્યુ, સજ્જ કરી સહુ વિષમય બાણો મન

(ઉચુ જોઇ) રે કુસુમધનુ,

(સોતનીઆકી બોલી બોલી આસે સેહી ન જાય—એ રાહ)

જગ જાણે નિરાળુ તુમાં તેથી જણાય,
તેથી જણાયરે આજે તેથી જણાય જગ
કામ પચ બાણી ગણ્યા, મારા જેવા બહુ હણ્યા,
વિપિલ પ્રેમી નિરાધાર થઇ તુપે તણાય જગ.

(વિચારીને) હુ, છાના ગુસ્સાવાળી દેવીની નજરે ચડેલી બિ• ચારી સાગરીકાનો જેટલો વિચાર કરૂ છુ તેટલો જોકે હું આ દશાએ પોહોચ્યો છુ છતા મારી જાતને માટે કરતો નથી. વળી—

(નૃપ થારી, શીદ ગ્રહણ કરો રીત ભારી—એ રાહ)

જગ જાણી (૨) શિશ તેથી નમ્યુ શરમાણી જગ.
જન વાત કરે કો' છાની, લે પોતાપર તે માની,
ગભરાણી. જગ.
હસતા મૂખ સખી તણા, દેખી બહુ લજવાય,
૩૨ દીલ પ્યારીને ઘણો ઘણુ કરી દેખાય,
સુખ સ્પર્શતણું જે છાણી, મન સુખની એ અજાણી,
નહીં વાણી. જગ

અને તે વાત જાણવાને મે વસતકને મોકલ્યો છે તો તેને વાર• કેમ લાગી?

(પછી ખુશી થયેલો વસતક પ્રવેશ કરે છે)

વસ૦—રે, રે, ઓ, હો, આશ્ચર્ય, આશ્ચર્ય, હુ ધા-છુ કે પ્રિય મિત્રના મનને આજ મારૂ વચન સાભળી જેટલો સતોષ થશે તેટલો તેમને કૌશાબી રાજ્યના લાભથીએ થયો નહીં હોય, તો જઇને પ્રિય મિત્રને કહુ, કેમ, પ્રિય મિત્ર આ દિશા ભણી જોતા ઉભા છે તેથી હુ ધારૂ છુ કે મારીજ વાટ જુવે છે તો હુ તેમની પાસે જાઉં (જઇને) જય જય મહારાજ, હે મિત્ર, દૈવે કરી તમારા ઇચ્છેલા કાર્યની સિદ્ધિ છે

રાજા—મિત્ર, પ્રિયા સાગરીકા કુશળ છે?

વિદુ૦—(ગર્વથી) રે થોડીવારમા જોઇનેજ જાણશો

રાજા—(સતોષથી) મિત્ર, પ્રિયાનુ દર્શન થશે કે નહીં?

વિદુ૦—(અહકારથી) રે, કેમ નહીં થાય? આ આપનો અ• માત્ય બૃહસ્પતિની બુદ્ધિને પણ માદ કરે એવો છે

રાજા—(હસીને) ખરેખર એમા કાઇ નવાઇ નથી તારા આગળ શુ સભવિત નથી વિસ્તારથી સાભળવા ઇચ્છુ છુ

(વિદુશક કાનમા કહે છે)

રાજા—(સતોષથી) મિત્ર, લે આ ઇનામ (હાથથી કડુ કહા- ડી આપે છે)

વિદુ૦--(કડુ પહેરી જુવે છે) ઠીક છે, આ શુદ્ધ સુવર્ણના કડાથી શોભતો હાથ મારી ગોરાણીને જઇને દેખાડીશ.

રાજા--(હાથ પકડી વારીને) મિત્ર, પછી દેખાડજે, હવે કેટલો દહાડો રહ્યો છે તે કહે

વિદુ૦--(જઇ જોઇ હર્ષથી) રે જુવો, જુવો જાણે મધ્યા નહુને વાયદો કર્યો હોય નહીં તેમ ગાઢા પ્રેમથી ક્ષોભ પામેલા હૃદયવાળા સુર્ય મહારાજ અસ્તગિરી વનમા જાય છે

રાજા--(જોઇને હર્ષથી) મિત્ર, ઠીક જોયુ, દહાડો આથમ્યો છે કારણ-

(આહા આહા આનંદ નહી ઉર માયરે—એ રાહ.)

એચે સૂર્ય દિશા ચક્રર જોરે એચે
સધ્યાએ બાકી રાખેલા કીરણ ગોળાકાર,
સોનાના આગ દેખાએ સૂર્યમેરૂપે સ્વાર એચે
ભુવન ફરીને એકચક્રિ જે રથ મારો કહેવાય,
પાછો પ્રાતરમા નહીં આવે ચિંતા મુજને થાય. એચે.

વળી,

(આશા ગોડી કામ છે દુષ્ટ વિકારી—એ રાહ.)

સમય થયો હુ જાણી કમલ અવસમય થયો હુ જાણું સમય.
મેરૂ મસ્તક હસ્ત મુકીને પણ લઉં તુને જગાણી કમલ

તો ઉઠ માધવીલતા મડપમા જઇ પ્રિયતમાની રાહ જોઇએ

વિદુ૦—સારૂ કહ્યુ હે મિત્ર જુઓ, પીઠે માટી વળગેલી માતી ભેંશ અથવા ભુંડના રગ જેવુ અધારૂ પ્રથમ પૂર્વ દિશામા ફેલાય છે જેથી ઝાડ ઝાખા ઝાખા દેખાય છે

રાજા—(હર્ષથી ચોમેર જોઇ) હે મિત્ર, ઠીક જોયુ —

વણજારો.

છાયે પૂર્વ દિશા આ પહેલી, નહીં અન્ય દીશાઓ મેલી. છાયે
ઢાકી અદ્રિદ્રુમો સહુ શાખે, જન ઇક્ષણબળ નહીં ચાખે,
હરી હરકંઠ દ્યુતી નીલી, અધારૂ રહ્યુ આ ફેલી છાયે

તો માર્ગ બતાવ

વિદુ૦—આમ, આમ, મિત્ર (જાય છે)

વિદુ૦—(જોઈને) હે મિત્ર, બહુ ઝાડને લીધે અંધકારના ગોળા જેવી મકરન્દોદ્યાન આ આવી પાસે, તો અહીં રસ્તો શી રીતે જણાય?

રાજા—(વાસ લઈને) મિત્ર, આગળ ચાલ, અહીં રસ્તો સારી પેઠે જણાય છે કારણ-

(પિયા બીનાજીયા મોરો ભયોરે ઉદાસ—એ રાહ.)

ચંપકની પાલી ખરે સારા સિન્ધુવાર, વળી આ હાર શૃંગાર,
બકુલ પાટલ હારો, વિધ વિધ ગન્ધેરે,
દુગણુ અંધારે છાયા આ દેખુ હુ યાર ચંપક

(જાય છે)

વિદુ૦—હે મિત્ર, આખરે મત્ત મધમાખીઓ બેઠેલ પુષ્પની રજની સુગંધથી મેહેકી રહેલો અને સુંવાળા મરકતમણીની પગને સુખ દેતી ફરશબંધીપર સંચારથી સુચિત, માધવીલતા મંડપમાં આપણે આવ્યા છીએ, તો આપ અહીંઆજ ઉભા રહો, અને હું બાઈ સાહેબનો વેશ ધારણ કરેલી સાગરીકાને લઈને સપાટામાં આવું છું

રાજા—મિત્ર, જલદી કર

વિદુ૦—મિત્ર, ઉતાવળા ન થાઓ, આ આવ્યો.

(જાય છે)

રાજા—તો હું પણ આ મરકત શીલાવેદીપર બેસી પ્રિયાની આવવાની રાહ જોઉં

(બેશીને ચિંતામાં) અહો, પોતાની સ્ત્રીના સમાગમનો ત્યાગ કરનાર કામી જનનો નવા માણસ પ્રત્યે કેટલો પક્ષપાત હોય છે આ-

(સોરઠ-સુંદર શા સારૂ શરમાઓ—એ રાહ.)

કામિનિ મન બહુ લપટાવ, વાયદે પુગે જો આવે કામિનિ
પ્રેમ ભરી એ દૃષ્ટિ મુજપર, દેતી નહીં મન શંકા અંદર,
ગાઢા દાબી પીન પયોધર, આલીંગને પ્રેમ નહી લાવ કામિનિ
જાઉં છું, હું જાઉં છું હું, બોલ નારવાંગજ એવું,
યત્ને જો કે નારૂ, [illegible] કાન્ત મન તાવ કામિનિ

અરે વસંતકને કેમ વાર લાગી? તો શું આ વાતની દેવી વાસવદત્તાને ખબર તો પડી નહી હોય?

(પછી વાસવદત્તા ને કાંચનમાલા પ્રવેશ કરે છે)

વાસ૦—મારો વેશ ધારી સાગરીકા આર્યપુત્ર પાસે જશે એ વાત ખરી છે?

કાંચ૦—બાઇસાહેબને ખોટું શું કરવા કહું? અથવા તો ચિત્ર-શાળા દ્વારે બેઠેલો વસંતકજ આપને ખાત્રી કરી આપશે

વાસ૦—તો ચાલ, ત્યાં જઇએ

કાંચ૦—પધારો બાઇસાહેબ (જાય છે)

(પછી બુરખોનાખેલો વસંતક બેશીને પ્રવેશ કરે છે-)

વિદુ૦—(કાન દઇને) ચિત્રશાળા દ્વારે પગ સંચાર સંભળાય છે તેથી ધારૂં છું કે સાગરીકા આવી

કાંચ૦—બાઇસાહેબ, આ રહી ચિત્રશાળા, તો અહીંજ ઉભા રહો, હું પણ વસંતકને ઇશારો કરૂં છું

વિદુ૦—સુસંગતા, ખરે કાંચનમાલા જેવોજ તે વેશ ધાર્યો છે, હવે સાગરીકા ક્યાં છે?

કાંચ૦—(આગળીથી દેખાડી) આ રહી

વિદુ૦—(જોઇને વિસ્મયથી) આ તો ખરેખર સાક્ષાત્ બાઇસાહેબ

વાસ૦—(શંકાથી આત્મગત) શું એણે મને ઓળખી? તો હું જાઉંછું (જવા ઇચ્છે છે)

વિદુ૦—અરે સાગરીકા, આમ આવ

(વાસવદત્તા હસે છે ને કાંચનમાલા ભણી જુએ છે)

કાંચ૦—(પડખે, વિદુશકને આગળીથી તરછોડી) અકર્મી આ વચન યાદ રાખજે

વિદુ૦—ઝડપકર, ઝડપકર, સાગરીકા, આખરે ભગવાન મૃગલાંછન પૂર્વ દિશામાં ઉગે છે

વાસ૦—(સંભ્રમથી પડખે) ભગવાન મૃગલાંછન, નમસ્કાર, એક ઘડી છુપાયલા રહો તો આમનો પ્રેમ જોઉં

(સર્વે જાય છે)

રાજા૦—(ઉત્કંઠાથી સ્વગત) પ્રિયાનો સમાગમ પાસે આવ્યા છતાં મારૂં મન કેમ બહુ ઉત્તાપે છે? અથવા—

(જફા વો સીતમકી સજાવાર હું—રાહ.)

શરૂમા ચિડે કામ એવો નહીં, નડે તીવ્ર રીતે સમયને લહી,
નહીં તાપ લાગે દિવસ ઓરમા, બહુ ધામ થાયે દિને મેઘના

વિદુ૦—(સાભળી) અરે સાગરીકા, આખરે પ્રિય મિત્ર, તારીજ ખાતર ઉત્કંઠાનિર્ભર બોલે છે તો ઉઠ તુ, હુ તેમને તારી આવ્યાની ખબર દઉં

(વાસવદત્તા માથુ ધુણાવે છે)

વિદુ૦—(રાજા પાસે જઇ) હે મિત્ર, દૈવનો પ્રતાપ છે, આ લાવ્યો હુ સાગરીકા

રાજા—(હર્ષથી સહસા ઉઠી) ક્યા છે, ક્યા છે?

રાજા—(પાસે જઇ) પ્રિય સાગરીકા,

(ભૂલે નાહીં બને—એ રાહ.)

હે અગે પ્રિતી ભરી—અગે
શીતાંશુમુખ ઉત્પલનયનો, કર કમલાનુ કરી. અગે.
કેળગર્ભ સમ જઘા જોડુ બાહુ પદ્મ ધરી અગે
ઝટ મન શકા દૂર કરીને ભેટજ અગ ભિડી, અગે
મદનમારથી તપતાં અગો સુખ દે શાત કરી અગે

વાસ૦—(આસુથી પડખે) કાચનમાલા, આર્યપુત્ર પોતાની મેળે આમ બોલે છે તો મને શુ કહેશે એ અચબો લાગે છે

કાંચ૦—(પડખે) હા, બાઇ સાહેબ, સાહસિક પુરૂષ શુ ન કરે તે કહેવાય નહીં

વિદુ૦—સાગરીકા, નિરાતે પ્રિય મિત્ર સાથે કેમ વાત કરતી નથી? હજી પણ નિત્યક્રોધી બાઇ સાહેબના ખરાબ વચનથી તારા કાન કડવા થઇ ગયા છે? હવે તારા મધુર વચનો સુખ કરો

વાસ૦—(પડખે ગેબથી સ્મિતથી) અબી કાચનમાલા, હુ આવી કડવાબોલી, ને આર્ય વસતક મીઠા બોલો !

કાંચ૦—(પડખે આગળી તરછોડી) બળ્યું આ વચન યાદ રાખજો

વિદુ૦—(જોઇને) હે મિત્ર, જુઓ જુઓ ! આખરે ક્રોધી કામિનીના કપોળ જેવા ભગવાન મૃગલાછન પૂર્વ દિશામા પ્રકાશી રહ્યા છે.

રાજા૦—(જોઇને સ્પૃહાથી) હે પ્રિયા, જો—

(લાઇ બહાર આગમેં—એ રાહ.)

શશિ ઉભો ગિરિ મસ્તકે, કર કરી ઊંચા ખરા   શશિ.
તપ કરે વેર વાળવાને, ઝેરે બળે જીવ આતમા,
તવ મુખે હરિ કાન્તિ જે, ચોરને સજા થવા.   શશિ

અરે પ્રિયા, શું આણે પ્રકાશીને જડપણું નથી જણાવ્યું ? કારણ—

(દીલ બશરકો દેકે અબ એહેલાઇએ—એ રાહ.)

ચંદ્રમુખ તારૂં કમલ કરમાવતું   ચંદ્ર.
આંખને આનંદથી એ હસાવતું   ચંદ્ર.
જોવાથી ફકત કામને બહુ ફાવતું,
ઉગ્યો બીજો ચંદ્ર મુખચંદ્રે છતું   ચંદ્ર
સુધાથી એનું બિંબ દર્પ ધરાવતું,
તારા બિંબાધર માહીંયે આવતું   ચંદ્ર

વાસ૦—(રોષથી પટ કહાડીને) આર્યપુત્ર, હું સાગરીકા છું એ ખરી વાત કે ? તમે વળી સાગરીકાથી ઉછળેલા હૃદયથી સઘળું સાગરીકામયજ દેખો છો

રાજા—(શરમથી જોઇને, પડખે) હા, ધિક, કષ્ટ, શું દેવી વાસવદત્તા ? મિત્ર, આ શું ?

વિદુ૦—(ખેદથી) હે મિત્ર, બીજું શું, જીવતા રહેવાનો શક રહે છે.

રાજા—(બેસી હાથ જોડી) પ્રિયા વાસવદત્તા, પ્રસન્ન થા, પ્રસન્ન થા

વાસ૦—(આંસુ પાડી) આર્યપુત્ર, એમ ન બોલો, આ તો બીજીને કહેવાના શબ્દો

વિદુ૦—(સ્વગત) હવે શો ઘાટ રચું ? હશે, બાઇસાહેબ તમે ઘણા ભાવવાળા છો તો આ મારા મિત્રનો એક અપરાધ માફ કરો.

વાસ૦—આર્ય વસંતક, પ્રથમ સંગમમાં મેં વિઘ્ન કર્યું તેથી ઉલટો મેં અપરાધ કર્યો આર્યપુત્રે શાનો ?

રાજા—આ પ્રમાણે મારો પ્રત્યક્ષ ગુન્હો જોયો તો હું શું કહું? તોપણ આ વિનતી કરૂં કે—

(અફસોસ કે આંખોંસે દીખાઇ નહી દેતા—એ રાહ.)

લજ્જાણુ સ્થિતિમાં પડેલો અર્જ ઊચરૂ,
પાયે મુકેનો રગ હુ આ મસ્તકે હરૂ   લજ્જા
મુખે આવેત્રિ લાલાશ કોપે, દૂર હુ કરૂ,
બક્ષી ક્ષમા મુજ ઉપરે અત્ર મેહેર તુ ધરૂ   લજ્જા

(પગે પડે છે)

વાસ૦—(હાથથી વારીને) આર્યપુત્ર, ઉઠો ઉઠો, આર્યપુત્રનુ આવુ હૃદય જાણ્યા છતા જે માણુસ ગુસ્સે થાય છે તે માણસ ખરેખરજ નિર્દજ છે આર્યપુત્ર સુખે રહો, હુ જાઉં છુ (જવા ઇચ્છે છે)

કાંચ૦—બાઇ સાહેબ, એમને ખુશી કરો, આવા પગે પડેલા મહારાજને તરછોડી ગયાથી અવશ્ય પસ્તાવો થવાનો

વાસ૦—અરે દોઢ ડાહી, એમા પસ્તાવો શાનો? ચાલ જઇએ.

રાજા—દેવી, પ્રસન્ન થા, પ્રસન્ન થા (લજ્જાણુ સ્થિતિ વિગેરે ફરી બોલે છે)

વિદુ૦—અરે ઉઠો, ગયા બાઇ સાહેબ તો નકામા શા માટે રડે છે?

રાજા—(મો ઊંચુ કરી) અરે ખુશી કર્યા વગર ગઇ કે દેવી?

વિદુ૦—ખુશી કેમ ન કર્યા, જુઓને સાજા સમા રહ્યા કની?

રાજા—ધિક, મૂર્ખ, શુ તુ મને હસે છે? તારાજ કર્મથી આ અનર્થ થયો છે કારણ—

(સૈયાં રગ રલીઆં મનાયોરી.—એ રાહ.)

વાધિ પ્રીતી અહોનિશ માન થકી—વાધિ
અપૂર્વ મુજમા ભૂલ થઇ આ,
દેખી એ પ્રાણને કહાડે અસહના-માન થકી.   વાધી.
પ્રેમ પુરણુમા જે ભુલ થાયે,
દિલે દુ ખાયે, જરી ન સહેવાયે-માન થકી   વાધી.

વિદુ૦—રે બાઇસાહેબ ગુસ્સે થયાં તો શુ કરવું તે સુઝતુ નથી, પણુ સાગરીકાને તો જીવવુ મુસ્કલ એમ ધારૂં છુ.

રાજા—હુ એ પણુ એજ વિચાર કરૂ છુ, હા પિયા, સાગરિકા!!

(વાસવદત્તાનો વેશ ધારી સાગરીકા પ્રવેશ કરે છે.)

સાગ૦—(ઉદ્વેગથી) બાઇસાહેબનો વેશ ધારણુ કરીને આ

સંગીતશાળામાં પેસતાં મને કોઇએ દીઠી નહીં તે ઠીક થયું તો હવે અહીં શું કરૂં?

વિદુ૦—કેમ મૂઢ જેવા ઉભા છો, ઉપાય ખોળી કહાડો

રાજા૦—એનોજ વિચાર કરૂં છું, દેવીના પ્રસાદ વિના બીજો કંઈ ઉપાય નથી તો ચાલ ત્યાં જઇએ (જાય છે)

સાગ૦—(આસુ સાથે વિચાર કરી) મારી મેળે ફાંસો ખાઇ મરૂં તે બહેતર, વળી વાયદાની જાણનારી સુસંગતાની પેઠે હું રાણીની દમેલી નહીં રહું તો અશોક ઝાડ તળે જઇ મરજીમાં આવે તેમ કરૂં.

(જાય છે)

વિદુ૦—(સાંભળીને) રહો, રહો, પગલાં સંભળાય છે, મને લાગે છે કે બાઇસાહેબ પસ્તાઇને પાછા અહીં આવતા હશે.

રાજા—મિત્ર, ખરેખર દેવીનો પ્રેમ ઘણો છે, કદાચ એમ પણ હોય, તો જલદીથી દેખાડ

વિદુ૦—જેવી મહારાજની આજ્ઞા. (જાય છે)

સાગ૦—(પાસે જઇને) તો આ માધવીલતાનો પાશ કરીને અશોક ઝાડે લટકી હું મરી જાઉં (ફાંસો કરીને) હે પિતા, હે માતા, હું અભાગણી, આધાર વિનાની મરૂં છું (ગળે ફાંસો ઘાલે છે)

વિદુ૦—(જોઇને) આ શું વળી, શું બાઇસાહેબ? (ગભરાઇને મોટેથી) હે મિત્ર, બચાવો, બચાવો, આ બાઇસાહેબ ફાંસો ખાય છે.

રાજા—(ગભરાઇ પાસે જઈ) મિત્ર, કયા છે? કયા છે?

વિદુ૦—આ રહ્યા

રાજા—(ગળેથી ફાંસો કહાડી) અરે સાહસકરવાવાળી, શું કરવા અકાર્ય કરે છે?

(તોરા સચ નહીં કહેનારે—એ રાહ.)

અલો પાશ ગળે ઓ સુજાણ, ગયા પ્રાણ, પહેછાણ,
સ્વારથી યત્ન કરૂં છું હું. અલો.
સાહસ કો દી કર્મ ન કરીએ, ધીરજ મન અંદર ધરીએ;
માન, માન, માન, તું તો મારૂં કહ્યું માન,
તાણ તું ન પાશ અહીં પ્રીતી દીયે લહી અલો.

સાગ૦—(રાજાને જોઇ હર્ષથી સ્વગત) શું આ ભર્તા, તો

ખરે આમને જોઇ મને ફરી જીવવાની ઇચ્છા થઇ, અથવા, આમને જોઇ કૃતાર્થ થઇ સુખે ફાસો ખાઇ જીવ કહાડું (પ્રકાશમાં) ભર્તા, મુકોને, મુકોને, ખરે આ માણસ પરાધીન છે ને તેને આવો અવસર મરવાનો ફરી નહીં મળે. તમે પણ બાઇસાહેબના અપરાધી ન થાઓ

(ફરી ફાસો ગળે નાખવા, ઇચ્છે છે.)

રાજા—(જોઇને) શું, મારી પ્રિયા સાગરીકા? (ગળેથી પાશ કહાડી)

(ગુન ભરી હુન મોરી સુન પ્યારે—એ રાહ.)

બસ કર બસ કર તુ વહાલી, સાહસ કરી ન કર જીવને જોખમ બસ.
જલદીથી મુક પાશ લતાનો, જાતો જીવ મારો ખાળી,
જીવ જાળવ નારી તુ ભારી, કંઠે પાશ કરનો ઘાલી. બસ.

(ગળે બાહુપાશ નાખી સ્પર્શસુખ ભોગવતો વિદુષક પ્રત્યે) મિત્ર, આ વગર વાદળે વરસાદ!

વિદુ૦—રે, હારતો, પણ જો અકાળ પવન થઇને બાઇ સાહેબ ન આવે તો.

(પછી વાસવદત્તા ને કાચનમાલા આવે છે)

વાસ૦—અલી કાચનમાલા, પગે પડેલા આર્યપુત્રની અવગણના કરીને હું આવી તે મે બહુજ ખોટું કર્યું, તો હવે હુંજ જઇને આર્યપુત્રને ખુશી કરૂં. (જાય છે.)

રાજા—અરે મુગ્ધા, બેદરકારીથી આપણે આપણા મનોરથ વિફળ કરીએ છીએ.

કાંચ૦—(કાન દઇને) બાઈ સાહેબ આ પાસે ભર્તા બોલે છે તેથી હું ધારૂં છુ કે તમનેજ ખુશી કરવા આવે છે, તો બાઇસાહેબ. પાસે જાઓ

વાસ૦—(હર્ષથી) તો ન જાણે એમ પાછળ જઈ ગળે આલી ખુશી કરૂં.

વિદુ૦—સાગરીકા, નિરાતે પ્રિય મિત્રની સાથે બોલ.

વાસ૦—(સાંભળીને ખેદથી) કાચનમાલા, શુ પેલી સાગરીકાએ અહીં છે કે? તો તો સાભળીએ પછી જઇએ. (એમ કરે છે)

સાગ૦—હે ભર્તા, આવી ખોટી દાક્ષિણ્યતાથી, જીવથી પણ અધિક વહાલા બાઇસાહેબના પાછા કેમ અપરાધી થાઓ છો?

રાજા—અરે, ખરે તું મિથ્યાવાદી છે, કારણ—

(અલબેલે ગમને આન ઘેરા—એ રાહ.)

પ્રેમાનુબંધે વધી પ્રીતી   પ્રેમાં.
શ્વાસે જ્યારે સ્તન કંપે, હું ધ્રુજુ તે વારે અતિ પ્રેમા.
પ્રેમાનુબંધે વધી પ્રીતી   પ્રેમા.
મૌન ધરે તો બોલુ મીઠું, દેખુ ભમર ચડતી. પ્રેમા.
પ્રેમાનુબંધે વધી પ્રીતી   પ્રેમા
પાયે પડુ હું, દેવીની સેવા સહજ કુલીન રીતી   પ્રેમા

વાસ૦—(પાસે જઈ રોષથી) આર્યપુત્ર, બરોબર, આર્યપુત્ર બરોબર છે

રાજા—(શરમથી જોઇ) દેવી ખરે અકારણ ઠપકો દેવો તને ઘટતો નથી, સરખે સરખા વેશને લીધે તને ધારીને છેતરાઇને અમે અહીં આવ્યા તો ક્ષમા કર (પગે પડે છે)

વાસ૦—(રોષથી) આર્યપુત્ર, ઉઠો, ઉઠો, કેમ હજી પણ કુલીનને ઘટતી સેવાથી દુ:ખ અનુભવો છો ?

રાજા—(સ્વગત) શું આએ દેવીએ સાંભળ્યું ? તો સર્વથા દેવીના પ્રસાદના ઉપાયના આપણે તો નિરાશ થયા (નીચે મોએ ઉભો.)

વિદુ૦—બાઇ સાહેબ, તમે ખરે પ્રાસો ખાઓ છો એમ વેશથી છેતરાઇ હું પ્રિય મિત્રને અહીં લાવ્યો. જો મારૂં વચન ન માનતાં હો તો જુઓ આ લતાપાશ. (લતાપાશ દેખાડે છે.)

વાસ૦—(કોપથી) અલી કાંચનમાલા, આ જ લતાપાશથી આ બ્રાહ્મણને બાંધ ને આ ઉછાંછળી છોકરીને આગળ કર.

કાંચ૦—જેવી બાઈ સાહેબની આજ્ઞા (લતાપાશથી વસંતકને બાંધી મારે છે.) મુઆ, હવે બેમરજાદનું ફળ ભોગવ. "બાઇસાહેબનાં દુર્વચનથી કાન કડવા થયા " એ શબ્દો તારા યાદ લાવ. સાગરીકા તું પણ આગળ થા

સાગ૦—(સ્વગત) પુણ્યની ખામીને લીધે મારાથી ઇચ્છા પ્રમાણે મરાયું પણ નહીં

વિદુ૦—(ખેદથી) હે મિત્ર, બાઇસાહેબના બંધનથી મરતાને યાદ લાવજો (રાજાને જુવે છે) (વાસવદત્તા રાજાને જુવે છે ને સાગરીકા ને વસંતકને લઇને કાંચનમાલા સાથે જાય છે)

રાજા—(ખેદથી) અરે કષ્ટ, કષ્ટ.

(દીલદારી કીનીરે—એ રાહ)

સુખ પામું નહીં રે, તનમા, મનમા,
રોષ કરી, સાગરીકાને તરછોડી વસંત કજકડી લઇરે, સુખ
દેવીનુ મુખ રોષ ભરેલું, સ્નિગ્ધ હાસ્ય તેથી ચોરેલું,
દીલમા, ધારૂ, હુ શું, દુખ પામુ અહીંરે સુખ

તો અહીં રહ્યાથી શુ પ્રયોજન? દેવીનીજ મેહેરબાની મેળવવા અંદર જાઉં.

(સર્વે જાય છે)

॥ ઇતિ સંકેત નામનો ત્રીજો અંક ॥

પ્રવેશક.

(પછી રત્નમાલા લઇ આખે આંસુ આણી સુસંગતા પ્રવેશ કરે છે.)

સુસ૦—(કરૂણાથી નિસાસા નાખી) અરે પ્રિય સખી સાગરીકા, અરે લજ્જાળુ, હા સખી ગણુવત્સલા, હા, ઉદારશીલા, અરે રૂપવતી, કયા ગઇ? મને ઉત્તર દે (રૂવે છે ઉંચે જોઇ નિસાસા નાખી) અરે નિર્દય વિધાતા, આવી અસમાન્ય રૂપ શોભા નિર્માને તે એને આવી અવસ્થામા નાખી? એણે જીવતરની નિરાશ થઇ આ રત્નમાલા કોઇપણ બ્રાહ્મણને આપજે એમ કરીને મને આપી છે. તો કોઇપણ બ્રાહ્મણને શોધુ (પડદા સામુ જોઈ) અરે શુ આ બ્રાહ્મણ વસંતક અહીંજ આવે છે તો એનેજ આપુ

(પછી ખુશી થયલો વસંતક પ્રવેશ કરે છે.)

વસં૦—હે, હે, આજે પ્રિય મિત્રે ખુશી કરેલા બાઇસાહેબના બંધનમાથી છુટીને બાઇસાહેબે આપેલા લાડુથી પેટ ભર્યું છે પછી તેમણે આ જોડો લુગડા અને વાળીએ આપી, તો હવે પ્રિય મિત્રને જોઉં. (જાય છે)

સુસં૦—(રોતી સહસા પાસે જઇ) આર્યવસંતક, જરા ઉભો રહે

વિદુ૦—(જોઇને) કેમ સુસંગતા, સુસંગતા કેમ રૂવે છે? કેમ સાગરીકાના માઠા સમાચાર આવ્યા?

સુસં૦—આર્ય વસંતક, હુજ કહુંછુ કે તે બિચારીને બાઇસાહેબ ઉજ્જયની મોકલાવે છે એમ લોકમા વાત ચલાવી અડધી રાતે કોણ જાણે કયાંયે તેને લઇ ગયા.

વિદુ૦—(ઉદ્વેગથી) અરે બેન સાગરીકા, અસામાન્ય રૂપ શોભા, અરે મીઠા બોલી હવે તુ કયા હઇશ? મને ઉતર દે, બાઇસાહેબ ઘણુ જ ક્રૂર કર્યું

વિદુ૦—(આંસુથી, કરૂણાથી, કાને હાથ દઇ) બેન આવુ થયુ ત્યારે આ લેવા મારો હાથ કેમ લાબો થાય? (બન્ને રૂવે છે)

સુસ૦—(હાથ જોડી) તેના ઉપર અનુગ્રહ કરી હે આર્ય, આનો સ્વિકાર કર

વિદુ૦—(વિચારીને) અથવા લાવ, આથી સાગરીકાના વિરહથી ઉત્કંઠિત પ્રિય મિત્રને આનદ કરીશ

(સુસંગતા વસતકને હાથમા રત્નમાલા આપે છે)

વિદુ૦—(લઇને જોઇને) બેન, આ ઘરેણુ એની પાસે કયાથી?

સુસં૦—આર્ય મે પણ કૌતુહલથી તેને પુછયુ?

વિદુ૦—તો શુ કહ્યુ?

સુસં૦—ત્યારે તેણે ઉંચુ જોઈ નિસાસા નાખી કહ્યુ સુસગતા એથી તને શુ? કહે? એમ કરી રોવા લાગી

વિદુ૦—એતો એણે કહી દીધું, સામાન્ય જનોને દુર્લભ એવા ઘરેણાથી હુ એમ ધારૂ છુ કે કોઇ મોટા કુલીન ઘરની હશે સુસગતા, હાલ પ્રિય મિત્ર કયા છે?

સુસં૦—આર્ય, આ ભર્તા બાઇસાહેબના ભવનમાંથી નીકળી સ્ફટીકશીલા મંડપમા ગયા, ત્યાં જ હુ પણ બાઇસાહેબની પાસે રહીશ.

(જાય છે)

ઇતિ પ્રવેશક.

અંક ચોથો.

(પછી આસને બીરાજેલો રાજા પ્રવેશ કરે છે.)

રાજા—(વિચારીને)

(ગુલે ગુલજારના જોરાં નાઇ—એ રાહ.
પોતાને આપ, આંસુડા ઢાળી, નાખ્યો કોપ પ્રિયાએ ગાળી –પોતાને
ખુશી ન દેવી ખોટા સોગનથી પાય પડયો હું વારવાર,
ચિત્તાનુવૃત્તિ, શર્મ તણીએ કીધી નહીં દરકાર,
સખીની શીખ, રોતી નહીં ખાળી નાખ્યો

(ઉત્કંઠાથી નિસાસા નાખી) હવે તો જ્યારે દેવીને પ્રસન્ન કરી ત્યારે માત્ર મને સાગરીકાની ચિતાનું દુખ છે કારણ—

(ચમકતી ઠમકતી પદમણીરે—એ રાહ.)
કંમલગર્ભ સુકુમાર અતિ તનુરે, ભીડી ભેટતા અપૂર્વ પ્રેમથી ગળુ રે—કમલ.
કામબાણુથી પડેલા રન્ધ્ર વાટ પેસી, પ્રિયા મમ હૃદય વસી મે કળ્યુરે ભીડી

(વિચારીને) વસતક જે મારૂ વિશ્રામનુ ઠામ તેને પણ દેવીએ કેદ કર્યો તો કોના મો આગળ આસુ ઢાળુ? (નિસાસા નાખે છે)

(પછી વસતક પ્રવેશ કરે છે)

વસ૦—(પરિક્રમણ કરી જોઇ વિસ્મયથી) નિરતર ઉત્કંઠાથી દુબળા પણ વખાણવા લાયક સુદર શરીરવાળા બીજના ચદ્ર જેવા મહારાજ અધિક શોભે છે. તો તેમની પાસે જાઉં (પાસે જઇ) સ્વસ્તિ, મહારાજ, દૈવે કરી આપની વૃદ્ધિ છે બાઇસાહેબને હાથ ગયા છતાં મે આ આખોએ આપને જોયા

રાજા—(હર્ષથી જોઇ) અરે વસંતક, આવ્યો મિત્ર, મને ભેટ

વિદુ૦—(ભેટીને) હે મિત્ર, બાઇસાહેબે અનુગ્રહ કર્યો

રાજા—વેશથીજ જણાય છે કે દેવીએ તારા ઉપર અનુગ્રહ કર્યો; તો કહે, સાગરીકાનું શુ થયુ?

(વિદુષક શરમથી નીચુ જોઇ ઉભો રહે છે)

રાજા—મિત્ર, કેમ બોલતો નથી?

વિદુ૦—માઠુ કહેવાને મારી જીભ ઉપડતી નથી

રાજા—(ઉદ્વેગથી ગભરાઇને) મિત્ર, શું માઠુ? કેમ તેણે ખરેખર જીવ કહાડી નાખ્યો? અરે વહાલી સાગરીકા (મોહ બતાવે છે,)

વિદુ૦—(ગભરાઇ) નીરાત રાખો, નીરાંત રાખો મિત્ર.

રાજા૦—(નીસાસા નાખી આંસુ આણી)

(એ મહેર એવકુા હુવા કયું—એ રાહ.)
રે પ્રાણ થા જુવા તુ, મુજને અનાડીને, ત્યાજ, દેહ છાડીને,

રાખને વિવેક એ તુ, મુજ શબ્દ ધારીને, મન લે વિચારીને   રે પ્રાણ
જા તુ જરૂર જા તુ, નહીં તો કરીને ફૂડ ચોરાશે ખચીત મૂઢ,
અઇ ઘણેક દૂર છે, ગજ ચાલ ચારીએ, મુને વિસારીને."   રે પ્રાણ

વિદુ૦—અરે બીજો વિચાર મા કરો, તે બીચારીને બાઇસાહેબે ઊજ્જયની મોકલાવી દીધી એમ સભળાય છે એટલા માટે ' માઠી વાત ' એમ હું બોલ્યો?

રાજા—હે, ઉજ્જયની મોકલાવી દીધી? અરે દેવીની મારા તરફ કેવી બેદરકારી છે!! મિત્ર, તને આ કોણે કહ્યુ?

વિદુ૦—અરે સુસગતાએ, વળી મારી મારફત કઇ કારણસર તેણે રત્નમાળા મોકલી છે

રાજા—બીજું શું? મનરમાડા કરવા, તો લાવને

(વિદુશક લાવે છે)

રાજા—(રત્નમાલા લઇ, જોઇ, હૃદયે ચાપી) અહહ !!!

(ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખોરે—એ રાહ.)

કંઠાશ્લેષ કરીને ભ્રષ્ટ થયેલો આ પ્યારીનો હાર   કંઠા.
તુલ્ય અવસ્થા એની, મારી, તેથી મિત્ર ગણાય,
તે ભાળીને કળીએ કળીએ મુજ મનડુ હરખાય   કંઠા.

મિત્ર, તુ પહેર આ, કે જેને જોઇ આપણે મોજ માનીશું.

વિદુ૦—જેમ મહારાજની આજ્ઞા   (ગળામાં પહેરે છે)

રાજા—(આસુથી નિસાસા નાખી) મિત્ર, પણ પ્રિયાનું દર્શન તો દુર્લભ થયું છે?

વિદુ૦—(ભયથી દિશા તરફ જોઈ) એમ મોટેથી ના બોલો; અહીં બાઇસાહેબનું કોઇક માણસ ફરે છે •

(પછી હાથમાં નેતરની સોટી લઇ વસુધરા પ્રવેશ કરે છે.)

વસુંધરા—જય જય મહારાજ, આખરે રૂમણ્વાનના ભાણેજ વિજયવર્મા કઇ કહેવાને દ્વારે ઉભા છે.

રાજા—વસુંધરા, વગર વિલંબે એમને અહીં લાવ.

વસુ૦—જેવી મહારાજની આજ્ઞા. (જઇ વિજયવર્મા સાથે ફરી પ્રવેશ કરી) વિજયવર્મા, આ રણા ભર્તા, તો આર્ય પાસે જાઓ.

વિજયવર્મા—(પાસે જઇ) જય જય મહારાજ, દેવ, દૈવે કરી

રૂમણ્વાનની જીતથી આપની વૃદ્ધિ છે

રાજા—(સંતોષથી) વિજયવર્મા, શું કોસલા જીત્યું?

વિજ૦—મહારાજના પ્રતાપે

રાજા—શાબાશ, રૂમણ્વાન સાબાશ, ટુંક મુદતમાં મહાભારત કામ કર્યું, વિજયવર્મા, તો બધી વાત કહે, વિસ્તારથી સાભળવા ઇચ્છુ છુ.

વિજ૦—સાભળો મહારાજ, અમે મહારાજના દેશથી અનેક હાથી, ઘોડા અને વિજયી વાયદળના મોટા લશ્કર સાથે જઇ થોડા દિવસ મા વિન્ધ્ય કીલ્લામા રહેલા કોસલનૃપનો માર્ગ રોકી છાવણી નાખી

રાજા—પછી.

વિજ૦—પછી કોસલેશ્વરે પણ મગરૂરીથી હાર ન સહીને હાથી વિગેરેનુ મોટુ લશ્કર સજ્જ કર્યું

વિદુ૦—રે જલદી કહો, મારૂ હૃદય કાપે છે.

રાજા—પછી, પછી

વિજ૦—

(છાંડ દે લગરવા—એ રાહ.)

વિન્ધ્યાચળથી ધસીને આવ્યા યુદ્ધ કાજે એ   વિન્ધ્યા.
હસ્તી વ્યુહ રચનાએ રૂંધી દિશ રાજે રે   વિન્ધ્યા.
વિન્ધ્ય અવર આ જાણે, ચલાવી, રૂમણ્વાન બહુ તીરેરે,
હા ગજથી પોતી કાપ્યા દળરે, જોઇ છુદાયા, ફાટેલી આંખે ગાજેરે વિન્ધ્યા.
સનનન સનનન તીર ચલાવી, રૂમણ્વાનનો પડરે,
ધુમી એકલડે છેદુ શીશરે, બેઠો હસ્તીએ વિરાજેલાનો તાજેરે. વિન્ધ્યા.
શસ્ત્રે ટોપ હવામાં ઉડયા, વહે રૂધીર સરીતરે,
ધણુણુ ધણુણુ ધણુધા થાયે, ખરે અગ્નિએમાં બખતરપરવાજેરે વિન્ધ્યા

વિદુ૦—જય જય મહારાજ આપડે જીત્યા.   (નાચેછે.)

રાજા—સાબાશ, કોસલપતી સાબાશ, મરવુ પણ તારૂ સનદ છે.

વિજ૦—દેવ, પછી રૂમણ્વાન પણ મારા મોટા ભાઇ વિજયવર્માને કોસલમાં સ્થાપીને ઘવાયલા હાથીઓનું બાકીનુ લશ્કર લઈ ધીમે ધીમે પાછળ આવે છે.

રાજા—વસુંધરા, યૌગન્ધરાયણને કહે કે મારા પ્રસાદનો વૈભવ દેખાડે

વસું૦—જેમ મહારાજની આજ્ઞા   (વિજયવર્મા સાથે જાયછે)

(પછી કાંચનમાલા સાથે પ્રવેશ કરે છે)

કાંચ૦—બાઈસાહેબે મને આજ્ઞા કરી છે કે અરી કાચનમાલા, જા, આ ઐન્દ્રજાલીકને મહારાજ પાસે લઈ જા (પરિક્રમણ કરી જોઇ) આ રહ્યા મહારાજ, તો પાસે જાઉં જય, જય, ભર્તા! બાઇ સાહેબ વિનતી કરે છે કે આ ઉજ્જયનીથી ઐન્દ્રજાલીક આવ્યો છે તો આપ નિહાળ કરો

રાજા—ઐન્દ્રજાલીકની અંદર અમને કૌતુક લાગે છે, તો જલદી અંદર લાવ

કાંચ૦—જેમ મહારાજની આજ્ઞા. (પીછી લઇ ઐન્દ્રજાલીક, સાથે પ્રવેશ કરે છે)

ચેટી—આવો, આવો, આર્ય

(ઐન્દ્રજાલીક આવે છે)

ચેટી—આ રહ્યા ભર્તા, તો આર્ય પાસે જાઓ

ઐન્દ્રજાલીક—(પાસે જઇ) જય જય મહારાજ! પીછી ફેરવી બહુ હસી)

પ્રણામ, પ્રણામ, પ્રણામ, ઇન્દ્રને પ્રણામ,
ઇન્દ્રજાળનું પડયુ છે એ ઉપરથી નામ પ્રણામ.
જગતમા ન ખસ, યશનો ચડયો કસ,
શબરને પ્રણામ છે, ક્રિયાએ લોક વશ. પ્રણામ.

મહારાજ શુ કહુ ?

(અજબ નહીં ફકીર તુમારી—એ રાહ.)
ધરણીએ મૃગાંક, મહીધર આકાશે, જળમા બળતું,
મધ્યાન્હે પરદોષ સિદ્ધ છે આણુ આપની મન જોતું
હરિહર બ્રહ્મ પ્રમૂખ દેવને, દેવરાજને પણ દાખુ,
ચારણ સિદ્ધ સુરની વધૂઓ, નાચતી ગગને રાખુ.
અથવા બહુ બકવુ તે મિથ્યા, હૃદયે જોવુ જે ધારો;
તે તે હુ દેખાડુ આજે, ગુરૂ મન્ત્ર સચ્ચો મારો.

વિદુ૦—હે મિત્ર, સાવધાન થાઓ આનાં આવા ગર્વનાં વચનથી સર્વ સભવીત છે

રાજા—ભદ્ર, તો રહે, કાચનમાલા દેવીને કહે કે આ તમારોજ

ઐન્દ્રજાલીક (—અ. અહીં બીજું કોઇ છે નહીં, તો આવો, સાથે જોઇએ

ચેટી—જેમ મહારાજની આજ્ઞા (જઇ, વાસવદત્તા સાથે આવે છે)

વાસ૦—કાચનમાલા આ ઉજ્જયનીથી આવ્યો છે તેથી કરીને મારો તેની તરફ પક્ષપાત છે.

કાંચ૦—આ, બાઇસાહેબ, પોતાના કુળને માન છે, તો આવો બાઇસાહેબ (જાય છે.)

કાંચ૦—બાઇસાહેબ, આ રહ્યા મહારાજ, પાસે આવો

વાસ૦—(પાસે જઇ) જય જય આર્યપુત્ર!

રાજા—દેવી, આ તો બહુ ફાંકો રાખે છે, તો અહીંજ આપણે જોઇએ.

(વાસવદત્તા બેસે છે)

રાજા—ભદ્ર, વિધવિધ ઇન્દ્રજાળ ચલાવ

ઐન્દ્ર૦—જેમ મહારાજની આજ્ઞા (બહુ પ્રકારે નાચીને પીછી ફેરવી, હરિહર બ્રહ્મ વિગેરે બોલે છે.)

(સર્વે વિસ્મયથી જુવે છે)

રાજા—(ઊંચે જોઇ, આસનથી ઉતરી) આશ્ચર્ય! આશ્ચર્ય!

વિદુ૦—આશ્ચર્ય! આશ્ચર્ય!

રાજા—દેવી, જો

(ચલત પવન સો રહી અગના—એ રાહ.)

કમળે પ્રજાપતીરે, શરવરી કરસી ખર શકર આ—કમળે.
ખડ્ગ ગધા ધનુ ચક્ર ધરીને, આ વિષ્ણુ ભુજ ચારેરે,
ઐરાવત આરૂઢ થયા જો, નજરે ત્રીદશ પતીરે. શરવરી.
આ જો ઉભા બીજા દેવો, દેવીને સુર તારીરે,
નુપુર પહેરિ ચરણે રૂમ ઝુમ આ, નાચે નભે અતીરે શરવરી.

વાસ૦—આશ્ચર્ય! આશ્ચર્ય!

વિદુ૦—(પડખે) અરે, રાંડના ઐન્દ્રજાલીક, આ અપ્સરાઓ દેખાડે છે એમા શું? જો આમને સતોષજ આપવો હોય તો દેખાડને સાગરીકાને

(પછી વસુધરા પ્રવેશ કરે છે)

વસુ૦—(રાજા પાસે જઇ) જય, જય, ભર્તા, અમાત્ય યૌગન્ધરાયણ મહારાજના ચરણ યુગલે વિનતી કરે છે કે વિક્રમ બાહુએ પ્રધાન અમાત્ય વસુભૂતિને મોકલ્યા છે, તો આજ સારા મુહૂર્તમા એમને

મળવું આપને યોગ્ય છે હુ પણ બાકીનુ કામ કરી આવુ

વાસ૦—આર્યપુત્ર, તો ઇન્દ્રજાળ બધ રાખો, મામાને ત્યાથી પ્ર. ધાન અમાત્ય વસુભૂતી આવ્યા છે તો એમને મળો.

રાજા—જેમ દેવી કહેછે તેમ (ઐન્દ્રજાલીકને) બદ હમણા રહે

ઐન્દ્ર૦—(પછી પીછી ફેરવે છે) જેવી મહારાજની આજ્ઞા. (જતાં) પણ એક મારો ખેલ આપે ખાસ કરીને જેવો જોઇએ.

રાજા—ઠીક છે, જોઇશુ

વાસ૦—કાંચનમાલા, જા આને ઇનામ આપ

ચેટી—જેમ, બાઇસાહેબની આજ્ઞા, ઐન્દ્રજાલીકની સાથે જાય છે

રાજા—વસતક, માન આવકારની સાથે વસુભૂતિ અંદર લાવ.

વિદુ૦—જેવી મહારાજની આજ્ઞા. (જાય છે)

વિદુ૦—અમાત્યજી પધારો

વસુ૦—(ચોમેર જોઇ) અહો વત્સેશ્વરનો શો દમામ છે ! કારણ—

*(અબ તોરી બાંકી—એ રાહ.)

બન્યો છુ ગમારે, અરે ખરે આજે હુ તો—બન્યો.
દ્વારે ભાળિ, વિચિત્ર વસ્તુઓ સારી,
ન્યાળી વિસારી મુકયો વિભવ સિહલ તણો બન્યો.
જય કુજર મારો જીવ લોભાવે, ગાને ભુલ્યો,
મારૂં બાન તુરગ જોઈ, ઘડી ઉભા રહી રાજ સભા મહી બન્યો.

બા૦—વસુભૂતિ, આજે ખરે બહુ વખત પછી સ્વામીને જોઉં છું તેથી સાચે અતિશય આનદને લીધે હુ બીજી અવસ્થા ભોગવુ છુ કારણ—

(એક ચચલ નાર—એ રાહ.)

મુને હરખ થાય, ધડપણમા સ્હાય, તેથી બહુ અપાય,
ધ્રુજે અતિ આ કાય, મન બહુ લોભાય, જોઈ સ્વામી આવાર. મુને.
આંખે આસુડા જાય, તેથી નહીં દેખાય, દુરથી જરાય,
જીભ તોતલી થાય, કઠે નહીં બોલાય, ગદ ગદ ઉચ્ચાર મુને.

વિદુ૦—આવો, પધારો આર્ય

વસુ૦—(વિદુશકને ગળે રત્નમાલા જોઇ) (પડખે) બાભ્રવ્ય, હુ જાણું છુ કે આજે રત્નમાલા છે તે મહારાજે રાજપુત્રીને સિહળતી વખતે આપી હતી.

બાભ્ર૦—અમાત્ય, છે તો એના જેવી, તો શુ, એ કયાથી આ-વી એ વસતકને પુછુ?

વસુ૦—બાભ્રવ્ય, ના, ના, મોહોટા રાજકુળોમા અનેક રત્નને લીધે આવુ ઘરેણું કાઈ દુર્લભ નથી?

(જાય છે)

વિદુ૦—(રાજાને દેખાડી)આ વત્સાધિપ, તો આર્ય પાસે જાઓ

વસુ૦—(પાસે જઇને) જય જય મહારાજ

રાજા—(ઉઠીને) અભિવાદ દઉંછુ

વસુ૦—તમારૂ અતિ શ્રેય થાઓ

રાજા—અરે આર્યને માટે આસન

વિદુ૦—(આસન લાવી) આ રહ્યુ, અમાત્ય બેસો

(વસુભૂતી બેસે છે)

કંચુકી—દેવ, બાભ્રવ્ય, આપને પ્રણામ છે

રાજા—(પીઠે હાથ દઇ) બાભ્રવ્ય અહીં બેસો

કંચુકી—(બેસીને) બાઇસાહેબ બાભ્રવ્ય આપને પ્રણામ કરે છે

વિદુ૦—અમાત્ય, બાઇસાહેબ આપને પ્રણામ કરે છે.

વાસ૦—આર્ય હું તમને પ્રણામ કરૂં છુ

વસુ૦—આયુષ્મતી, વત્સરાજ જેવો પુત્ર તમને થાઓ

(સર્વે બેસે છે)

રાજા—આર્ય વસુભૂતિ, કેમ સિહલેશ્વર મહારાજ તો કુશળ છે ને?

વસુ૦—(ઉચુ જોઇ) (નિસાસા નાખી) મહારાજ શી વિનતી કરવી તે આમ દભાગ્યને ખબર પડતી નથી

વાસ૦—(ખેદથી સ્વગત) રે ધીક, ધીક, કોણ જાણે વસુભૂતિ હમણા શુ કહેશે?

રાજા—વસુભૂતિ, કહોને મારો જીવ કેમ કલ્પાવો છો?

બા૦—(પડખે રહીને) જે કહેવાનું હતુ તે હમણાજ

વસુ૦—(આંસુથી) મહારાજ, મારાથી કહેવાતું નથી, તોપણ આ મદભાગ્ય કહે છે જે સિહલેશ્વર મહારાજની આયુષ્મતિ પુત્રી મ-ણીમાલા નામે હતી તેને માટે સિદ્ધ લોકોએ એમ ભાખ્યુ હતું કે જે-એને પાણી ગ્રહણ કરશે તે સર્વ ભુમીનો રાજા થશે.

રાજા—પછી, પછી.

વસુ૦—તે ખાતરીથી આર્યને અર્થે યૌગન્ધરાયણે બહુ પ્રાર્થના કરી, પણ સિંહલેશ્વર વાસવદત્તાને મનમા ખેદ થાય એમ કરી દીધી નહીં

રાજા—(પડખે) દેવી, હવે આ નાગ મામાના અમાત્યશુ જુઠુ બોલે છે?

વા૦—(વિચાર કરી) આર્ય પુત્ર, હું નથી જાણુતી કે શુ જુઠુ કહે છે

વિદુ૦—પછી શુ થયુ?

વસુ૦—પછી લાવણુ કે બાઇસાહેબ દાઝયા એ વાત ચાલ્યાથી માહારાજે તેમની પાસે બાભ્રવ્યને મોકલ્યો—ફરી પણ તેને માટે પ્રાર્થના કરી, પછી સિંહલેશ્વરે વિચાર કીધો આપ મહારાજની સાથેના સબંધનો લોપ ન થાય એમ ધારી તે મણીમાલા આપ માહાજને સોપવા આવતાં વહાણુ ભાગી સમુદ્રમાં ડુબી ગઇ (રોઇને મો નીચુ ઘાલે છે)

વાસ૦—(આંસુથી) અરે હુ અભાગણી મરી ગઇરે અરે, બેન, મણીમાલા, હવે ક્યા છુ મને ઉત્તર દે.

રાજા—શાન્તિ રાખ, શાન્તિ રાખ, દૈવની ગતિ ઘણી ગહન છે, ડુબેલા પાછા નિકળ્યાનો દાખલો આ રહ્યો (વસુભૂતિને બાભ્રવ્યને દેખાડે છે)

વાસ૦—આર્ય પુત્ર, વ્યાજબી છે, પણ મારૂ ભાગ્ય એવુ ક્યાથી?

રાજા—(પડખે) બાભ્રવ્ય, આ કેમ થયુ તેની મને ગમ પડતી નથી

બા૦—સાભળો મહારાજ

(પડદામા મોટો કલકલાટ)

(કે કુદરતે સુબ્હાની—એ રાહ)

સ્ત્રી સાથ સર્વે દાઘી, તરૂ બાગના ન ત્યાગી,
મહેલે દીવાળી જાગી, રણુવાસે આગ લાગી સ્ત્રી.
ક્રીડા મહી પ્રકજ્વલ, સુવર્ણ શીખર ઉજ્વલ,
કોઇનુ ચાલે નહીં બળ, રણુવાસે આગ લાગી સ્ત્રી.
લાવણુકે દેવી દાઝી, તેને નવેર ઓઝી,
તે આજ ઠરી સાચી, રણુવાસે આગ લાગી સ્ત્રી.

(સર્વે ગભરાયલા જુવે છે)

રાજા— શું, અંતપુરમા અગ્નિ ગભરાટથી ઉઠી શુ દેવી વાસવદત્તા દાઝી?

વાસ૦— આર્ય પુત્ર, બચાવોરે બચાવો

રાજા— અરે શુ, પાસે છતા પણ ગભરાટથી દેવી દેખાતી નથી.

(દેવીનો હાથ ઝાલી બેઠી) દેવી, ગભરાઈશ નહીં, ગભરાઈશ નહીં.

વાસ૦—આર્યપુત્ર, આ મારે માટે નથી કહેતી, પણ મે નિર્દય થઈ બાંધેલી આ સાગરીકા બળી મરે, તો આર્યપુત્ર એને બચાવો.

રાજા—શુ દેવી સાગરીકા મરે છે! આ ચાલ્યો

વસુ૦—મહારાજ, કેમ નકામા પતગવૃત્તિ કરો છો?

બાભ્ર૦—મહારાજ, વસુભૂતિ બરાબર કહે છે

વિદુ૦—(રાજાનો જામો પકડી) અરે સાહસ ન કરતા

રાજા—(જામો ખેચી) અરે ધિક મૂર્ખ, સાગરીકા બળી મરે છે, તો હજુ સુધી પ્રાણ કેમ રહે (બળતામા પેશી ધુમાડે ગભરાયો એમ દેખાડે છે)

(શો શા ખેંધરા—એ રાહ.)

હે અગ્નિ ઓલવા, ધુમ ગોટ દે જવા
ભભુકાથી ભડકાને હવે દે ન સળગવા હે અગ્નિ.
પ્રિયા વિરહના અગ્નિથી નહીં દાઝેલો આ જન,
પ્રલયાગ્નિ તુ શુ કરવાનો લેખુ હું નહીં મન હે અગ્નિ

વાસ૦— કેમ, મારા અભાગણીના કહ્યા ઉપર આર્ય પુત્રે નિશ્ચય કીધોતો મારે રહીને શુ કરવુ છે? હું પણ આર્યપુત્રની પાછળ જાઉ

વિદુ૦— બાઈસાહેબ, હું પણ આપને રસ્તો દેખાડુ

વસુ૦—શુ વત્સરાજ આગમા પેઠા તો મારે પણ રાજપુત્રીને મરતા જોઈ મારે મારી પોતાની આહુતી આપવી એ ઠેકાણે ઠીક છે

કંચુકી—(આસુથી)અરે મહારાજ, કેમ વિનાકારણ ભરત કુળને સંશયના ત્રાજવામા મુકયુ? અથવા વલોપાત કરવાથી શુ? હુ પણ ભક્તિને યોગ્ય કરૂ

(સર્વે અગ્નિપ્રવેશ દેખાડે છે)

રાજા—(જમણો હાથ ફરકતો જોઈ) આ અવસ્થાનુ આ ફળ શુ? (આગળ જોઈ, હર્ષની સાથે ઉદ્વેગથી) કેમ ભડકા સાગરીકા પાસે આવ્યા! તો જઈને એને જોઉ

(પછી બેડી જડેલી સાગરીકા પ્રવેશ કરેછે)

સાગ૦—(ચોમેર જોઈ) દૈવે કરી, ચોમેર લાગેલી આગ આજ મારા દુખનો અત આણશે

રાજા—(જલદી જઈ) અરે વહાલી, કેમ હજુ સુધી બેદરકાર છો?

સાગ૦—(રાજાને જોઇ) કેમ, આય પુત્ર, તો આમને જોઇ ફરી મને જીવવાની ઇચ્છા થઈ ભર્તા, બચાવો, બચાવો

રાજા—બીકણુ, ડર નહીં

(નમુ પદે ગિરજાપતીને—એ રાહ.)

ક્ષણુ સહો ધુમ છોય વધે ક્ષણુ.

(આગળ જોઇ)

સ્તનથીગયલુ ખશીઆ અંબર બળે છેહાધિક, ધિક

(જોઈને) કેમ અડકે,

જડી બેડી શુ આ અ ગ બધે ક્ષણું

અહીંથી કહાડુછુ સટ, વહાલી હાથ આપ ઝટ

(ગળે લઇ બધ આખથી સ્પર્શસુખ દેખાડે છે) અરે ક્ષણુમા મારો આ સ તાપ દૂર થયો પ્રિયા નિરાત રાખ, નિરાંત રાખ

નાવે આગ નિકટ, સળગ સળગ થતો અગ્નિ

નહીં બાળે, મુજ સ તાપ

દૂર કરે કારણુ પ્રિયા સ્પર્શ દીધે ક્ષણું.

(આખો ઉઘાડીને જોઇ) અરે મોટુ આશ્ચર્ય!

ક્યાં અગ્નિ રણુ વાસથી,

(વાસવદત્તાને જોઈ) આ વાસવદત્તા

વાસ૦—(રાજાને શરીરે હાથ ફેરવી હર્ષથી) સારે ભાગ્યે આર્ય પુત્ર દાઝ્યા નહીં

રા૦— આ બાબ્રવ્ય!

બાભ્ર૦—મહારાજનો જય થાઓ, મહારાજ આપની વૃદ્ધિ છે અમે જીત્યા

રાજા—વસુભૂતિ,

વસુ૦—મહારાજ, આપની ચડતી કળા છે.

રાજા—મિત્ર વિદુશક આ

વિદુ૦—જય જય મહારાજ,

રાજા—(વિચારી તર્કથી)

ઇન્દ્રજાળે શુ મતિ આ સ્વપ્ને ભમે ક્ષણું

વિદુ૦—અરે, વ્હેમ લાવતા ના, આ તો ઇન્દ્રજાળ છે. પેલા રાંકના ઐન્દ્રજાલીકે કહ્યું કે માગે એક ખેલ ખાસ જોવો જોઇશે તે આ.

રાજા—દેવી, તારા કહેવાથી સાગરીકાને અહી લાવ્યા.

વાસ૦—(હસીને) જાણ્યુ બધુ

વસુ૦—(સાગરીકાને જોઇ પડખે) બાભ્રવ્ય, આ રાજપુત્રીના જેવી છે

બાભ્ર—અમાત્ય, મારા મનમા પણ એમજ થાય છે

વસુ૦—(પ્રકાશમા રાજાને) મહારાજ, આ કન્યા ક્યાથી ?

રાજા—દેવી જાણે છે

વસુ૦—બાઇ સાહેબ આ કન્યા ક્યાથી ?

વાસ૦—અમાત્ય, આ સાગરમાથી જડી એમ કહી યૌગન્ધરાયણે મને સોંપી અને તેથી કરીને એને સાગરીકા કહીએ છીએ

રાજા—(સ્વગત) શુ યૌગન્ધરાયણે સોંપી ? મને કહ્યા વગર એ શા માટે કઇ કરી શકે ?

વસુ૦—(પડખે) બાભ્રવ્ય, આ રૂપાળી વસતકને ગળે મણીમાલા છે તે પણ સાગરમાથી જડી અને સ્પષ્ટ આ સિહલેશ્વરની પુત્રી મણીમાલા (પાસે જઇ પ્રકાશે) આયુષ્મતિ મણીમાલા, રાજપુત્રિ, તુ આ દશાએ પહોચી ?

સાગ૦—(વસુભૂતીને, આસુથી) શુ? અમાત્ય વસુભૂતી?

વસુ૦—અરે હુ અભાગીઓ મરી ગયો (જમીન ઉપર પડે છે)

સાગ૦—અરે હુ મરી ગઇ, હે પિતા, હે માતા, ક્યા છો? મને ઉત્તર દો (પડીને મુર્છા ખાય છે)

વાસ૦—(ગભરાટથી) કચુકી, આ મારી બેન સાગરીકા!

કચુકી—બાઇસાહેબ હા, આજ.

વાસ૦—(મણીમાલાને ભેટીને) બેન, શાતા રાખ, શાતા રાખ

રાજા—શુ, ઉમદા કુળના સિહલેશ્વર વિક્રમ બાહુની પુત્રી?

વિદુ૦—(સ્વગત) મણીમાલા જોઇ પેહેલેથીજ મે તો જાણ્યું હતું કે આ સાધારણ માણસનુ ઘરેણુ નથી

વસુ૦—(ઉઠીને) રાજપુત્રી, શાતા રાખ શાતા રાખ, આ તારી મોટી બેનને જીવ દુખાય છે એમને ભેટ

મણી૦—(શાતા વાળી, રાજાને તિરછી નજરે જોઈ (સ્વગત) હું ખરે અપરાધી છુ- બાઇસાહેબને મો શુ દેખાડુ (નીચુ જુવે છે.)

વાસ૦—(આસુથી, હાથ પસારી) અરે અતિ નઠોર, વહાલી

બેન, આવ હવે વહાલ દેખાડ (ગળે બાઝે છે)

(મણીમાલા ખચકાય છે)

વાસ૦—(પડખે) આ ધાતકીપણાથી મને શરમ આવે છે.

રાજા—(સંતોષથી) હા, એમજ દેવી (સાગરીકાને છોડે છે)

વાસ૦—આર્યપુત્ર, અમાત્ય યૌગન્ધરાયણે મને આટલી વાર સુધી જુડી કરી કે જાણુતા છતા મને કહ્યું નહીં

(પછી યૌગન્ધરાયણ પ્રવેશ કરે છે)

યૌગ૦—

(તુજ સુરત રહી—એ રાહ.)

રહી પતીની વિયોગી મુજ વચને-રહી.
દેવી દુ:ખાયે બીજી ત્રિયાયે,
કર ખુશી હશી જગ સ્વામી બને. રહી.
સત્ય વદન શકુ હું ન દેખાડી,
શરમ નરમ કરે આજ મને. રહી.

અથવા શુ થાય, અત્યન્ત માનવાળા તરફ આ ઉપકાર રહીત સ્વામીભક્તિવ્રત આવુજ (જોઈને) આ રહ્યા મહારાજા તો પાસે જાઉં (પાસે જઇ) જય જય મહારાજ (પગે પડી) મહારાજ, વગર કહે આ જે મે કર્યું તે માફ કરશો.

રાજા—કહો, શા માટે વગર કહે કર્યું?

યૌગન્ધ૦—મહારાજ આસને બિરાજો, સર્વે અરજ કરૂંછું.

(સર્વે રાજા સાથે આસને બેસે છે)

યૌગન્ધ૦—મહારાજ, સાભળો, આ જે સિંહલેશ્વરની દીકરી તેને માટે સિદ્ધ લોકોએ ભવિષ્ય ભાખ્યુ હતુ કે જે આનો પાણીગ્રહણ કરશે તે આખી દુનીઆનો રાજા થશે, તે ભરોંસાથી અમે સિંહલેશ્વરને ઘણી પ્રાર્થના કરી છતા સણીવાસવદત્તાને દુ:ખ થાય એમ ધારી ન આપી.

રાજા—પછી શું?

યૌગ૦—(લજવાઇને) પછી લાવણકે રાણી દાઝયાં એ વાત જાહેર થયાથી તેમની પાસે બાભ્રવ્યને મોકલ્યા.

રાજા—યૌગન્ધરાયણ, ત્યા લગણુ તો મે સાભળ્યુ છે પણ આને

શુ ધારીને દેવીને સોપી?

વિદુ૦—વગર કહે અભિપ્રાય એમનો મે જાણ્યો કે રણુવાસમાં રહી રણુવાસના સુખથી આપની નજરે ન પડે

રાજા—યૌગન્ધરાયણ, તમારો અભિપ્રાય વસ તકે જાણ્યો?

યૌગન્ધ૦—જેમ મહારાજની આજ્ઞા.

રાજા—ઐન્દ્રજાલીકનો વૃતાન્ત પણ તમારૂંજ કામ છે?

યૌગન્ધ૦—અથવા અંત પુરમા કેદ થયલીના આપને દર્શન કયાથી? નહીં જોયલીને વસુભૂતિ પણ કયાંથી ઓળખે? (હશીને) હવે ઓળખાયલી એનને જેમ કરવુ હોય તેમ, રાણીસાહેબ, આપના હાથમા

વાસ૦—(સ્મિતથી) આર્ય અમાત્ય, ખુલ્લે ખુલ્લું કેમ કહેતા નથી કુ આર્યપુત્રને એ પરણાવો

વિદુ૦—બાઈસાહેબ આપે ઠીક અમાત્યનો અભિપ્રાય જાણ્યો

વાસ૦—(હાથ પસારી) આવ મણીમાલા, આવ, ગમે તેમ, હવે, મારી બેન જેવી થા, ભર્તા, આ મણીમાલાને લ્યો

રાજા—(હાથ હષથી પસારી) દેવીનો પ્રસાદ કોણ બહુ નહીં માને? (સાગરીકાને લે છે)

વાસ૦—આર્યપુત્ર, આનુ જ્ઞાતિકુળ દૂર છે તેથી તેને સગા યાદ ન આવે તેમ કરો (હાથ આપે છે)

રાજા—જેમ દેવીની આજ્ઞા.

વિદુ૦—(હર્ષથી નાચે છે) હે, હે, હે, હે, જય જય મહારાજ! પૃથ્વી હવે મિત્રને હાથ આવી.

વસુ૦—રાજપુત્રી, વાસવદત્તાને પ્રણામ કર

(મણીમાલા તેમ કરે છે)

બાભ્ર૦—દેવી, દેવી શબ્દ યોગ્ય રીતે ધારણ કરોછો.

(વાસવદત્તા મણીમાલાને ભેટી દેવી શબ્દનો પ્રસાદ કરે છે)

બાભ્ર૦—આપડી મહેનત હવે સફળ થઇ

યૌગન્ધ૦—મહારાજ, આપને વહાલુ બીજુ શુ કરૂ તે કહો

વિદુ૦—એ બધી વાત તો પછી, બાધજો જસનો પોટલો, પણ જરા લગ્નોચ્છવની ખાતર નાચ તો થવા દો

રાજા—કચુકી બોલાવ વારાગનાને

કંચુ૦—જેવી મહારાજની આજ્ઞા

(પછી વારાંગના નાચ કરે છે)

રાગ—કાલિંગડો.

લગન મગ પરિયે હો મેરે જિયરા લગન.
પ્રીત ,બસતહે પાવકપુરમે પેઠતહીં જરીયે લગન.
ચ્હેન એચ ચિતા જો લીની તાહીતે ડરીયે લગન.
દયા કે પ્રીતમ બીના કોઉ ન જાને, તલપ તલપ મરીએ લગન.

રાગ—ખમાયચી ત્રિતાલ.

તિલાનો

ગિરવર ધારી મનોહર રામ શ્યામ નટવર નાગર નરહરી નામ, નિશદિન.
ઘરિ ઘરિ પલ પલ છીન રહી ગિરવરધારી.
હરીદાસ સો સુખ એ ધ્વની, બડભાગી સો આયે બની, સબ કર્મ ધર્મ
તજદે બસીધર ચરન સરન મન ધરો દયા ગિરવરધારી.

વિદુ૦—આતો જાણે જોગારામની પુછડીઓ, પણ ના, વાત તો શાસ્ત્રાનુસાર છે

રાજા—કંચુકી, વારાંગનાને રજા આપ

કંચુકી—જેવી મહારાજની આજ્ઞા

વૌગન્ધ—મહારાજ, આપને વહાલું બીજુ શુ કરૂ તે કહો.

રાજા—આથી બીજુ શુ વહાલુ? કારણ –

(મુને મુકીને ગયો છે મારો છેલડારે—એ રાહ.)

હવે જ્યા લગી તું મન્ત્રીઓબ ગાજતોરે,
નથી બાકી કઇ જે પર કરૂ મન તુને ધન્ય– જ્યા લગી
વિક્રમબાહુ આજ સાથ મારી રાજતારે,
રાણી ભગીની કેરા લગ્નથી પ્રસન્ન, તુને ધન્ય– જ્યાં લગી
જીત્યુ કોસલા, સાગરીકાને હું વર્યોરે
જે છે જગતમાહી સર્વથી રતન, તુને ધન્ય– જ્યા લગી.
પ્રિયા હેતુ હતી સર્વ ભુમી રાજ્યનીરે
પ્રભુ તારૂ કરો પ્રેમથી જતન, તુન ધન્ય– જ્યા લગી
તથાપિ આ હજો.

(નાટક નવીન રસાળ.—એ રાહ.)

પુષ્કળ પાક રસાળ, ભુમીમાં ઉગો.—પુષ્કળ
વરસાવો વરસાદ યથેચ્છા, ઇન્દ્ર થઇને કૃપાળ ભુમીમાં.
બ્રાહ્મણ નિયમે યજ્ઞ કરીને દેવ કરોને તુષાળ ભુમીમાં
કલ્પ સુધી સજ્જન સગમ હો, જેથી છે સૂખ વિશાળ ભુમીમા
દુર્જય દુષ્ટ જનોના વચનો, વજ્રલેપનથી ટાળ ભુમીમા.

(સર્વે જાયછે.)

॥ ઇતિ ઇન્દ્રજાલીક નામનો ચોથો અંક. ॥

:0:

કઠણ શબ્દોનો કોષ તથા સમજુતી વિગેરે.

—— ૦ ——

પાદઅગ્ર=પાગોઠાં,પગની આગળીઓ
ધુર્જટી=શીવ.
પુલક=રવાં ઉભાં થવા ને
પથે=રસ્તે
સ્વેદ=પરસેવો
અભીમુખ-સામે
રસ=પ્રેમ
કરમાલ=હાથનીમાળા, આલિંગન.
વિકાસિત=પ્રકાશિત
મારે માટે પામ્યો વિગેરે ગાયન દ્વિઅર્થી છે તે પાર્વતી ને લક્ષ્મીને બેને લાગુ પડેછે
મીનકેત=સમુદ્ર ૨ કામદેવ.
બારેવાટ=બહુમુખી ગંગા. ૨ વેસ્યા કુબ્જા કંસની દાસી.
સ્વભાવે=કુદરતી ૨ કુડી મતીવાળી
કંબુકંઠગ્રહ=કંબુ } મહાદેવજી+ગ્રહ
કંબુ+કંઠગ્રહ } ગળુ પકડયુ તે
ત્રણઅગ્નિ=દક્ષિણ, ગાર્હપત્ય આહવનીય
ઋત્વિગ=યજ્ઞકરનાર બ્રાહ્મણ.
ગૃહિણી=ઘરધણીઆણી
સ્વેચ્છાચારી=મરજી માફક ચાલનાર
પુર્ણોપમાથી "પધારે છે શ્રીમન" ગાયનમા વિશેષણ દ્વિઅર્થી છે.
રતિમાન=પ્રેમાળુ. ૨ રતિ સાથે
વિગ્રહ=યુદ્ધ. ૨. શરીર
વંસંત=ઋતુ ૨. વિદુષકનું નામ.
નિર્જિતશત્રુ=જેના શત્રુ જીતાયા છે
કુતુહલ=જાણવાની ઇચ્છા
સુવર્ણ=સારા રંગથી, ૨ સોનાથી.
ભુજંગ=સર્પ ૨. ઉપપતી
માની=જાતનું માન ધરાવનાર.
કુસમાયુધ=કામદેવ
મારૂત=પવન.

વસંતનોમધુ=વસંત ૠતુની અસર, પુષ્ટી
આસવ=દ્રાક્ષનો રસ
કટી=કેડ
ચાપયષ્ટિ=ધનુષ્ય, કામઠું
સ્મરપુજા=કામદેવની પુજા.
વલ્લી=વેલો
જ્યોતી=સુંદરતા
દગ=આખ
રમણી=મનને સુખ આપનારી સ્ત્રી
છવી=છબી
પંકજવદન=કમળ જેવુ મો.
વક્ત્રપ્રભા=મોંનું તેજ
પ્રભાકર=ચંદ્ર
પરિવાર=પાસવાનો, પાસે રહેનાર દાસીઓ

પ્રવેશક.

દોહદ=(સં) દ્રિહદ, અભાવા, જેથી અભાવા પુરા થાય તે, અકાળ ફુલ યા ફળની પ્રાપ્તિની ઔષધિ.

અંક બીજો.

વિષમ=સહેલ નહીં તે.
વ્યંઢળ=પોબા.
વામનજી=ઠીંગણા માણસ.
વિહ્વળ=બ્હીલાં, ગભરાયલા.
કુબ્જો=ખુંધા માણસ.
પરોક્ષ=નજરથી દૂર
પ્રત્યક્ષ=નજર આગળ.
અરી=દુશ્મન
નિધિ=ભંડાર
વલ્લભ=વહાલો.
જીજ્ઞાસા=જાણવાની ઇચ્છા.
ત્રપા=વેદના છે.
પરિહાસ=મશ્કરી
જીવન્મૃત=મોત ને જીવિવચ્ચેની

ની સ્થિતિ
રસીલા=પ્રેમાળુ
સુચીર=સુન્દર
ઉરૂ=જંઘા
નિતંબ=કેડની નીચેનો ભાગ
ત્રિવલી=પેટના ત્રણ વાટા
તરંગ=મોજાં
વિષમ=સપાટ નહીં તે
તુંગ=ઉંચી
ઓઘ=ધારા
પ્રસેવ=પરસેવો
વપુ=શરીર
કરવેલા=કરવેલા રૂપી
તન્વી=પાતળી સ્ત્રી
પીન=માસથી ભરપૂર
મધ્યા=કેડ
નીલરાગી=લીલા રંગની
ઊર=હૈયું
પદ્મિની=કમળ
કુચકુંભ=ઘડા જેવા સ્તન.
પરિતોષ=સંતોષ
અજ=બ્રહ્મા
શ્વેતછત્ર=ધોળુ છત્ર(બ્રહ્માનું) કમળ
અસૂયા=ખાપણું કાઢવાની ટેવ.
સંચાર=ચાલ.
પાણી=હાથ.
મીષે=મશે
" કેમે મળી વીગેરે " દ્વિઅર્થી છે
રાગ=રંગ. ૨ પ્રેમ
પ્રમદા=સ્ત્રી, પાણીવાળુ.
મણીમાળા=નાયિકા પોતે . ૨ મણીનો હાર
કાન્તા=વહાલી સ્ત્રી, વહાલી ચીજ.
ભેદક=ભેદનારૂં
નિષ્ઠુર=નઠોર
પાલી=હાર
મૃગલાંછન=ચંદ્ર.
શીતાંશુ=ચન્દ્ર.
ઉત્પલ=કમળ
કમલાનુકરી=કમળ જેવા.
પદ્મધરી=કમળનો દાડો
કપોળ=ગાલ
કર=હાથ ૨ કીરણ.
દર્પ=મગરૂરી
બિંબાધર=બિંબ જેવો નીચલો ઓઠ.
બિંબ=ગીલોડું
અપૂર્વ=પહેલવહેલું
અસહના=સહી ન શકે એવી.
પ્રસાદ=પ્રસન્નતા
પાશ=ફાસો
કૃતાર્થ=મતલબ સરેલી.
લતા=વેલો
અવગણતા=અપમાન
મુગ્ધા=સંસાર વ્યવહારની અણસમજુ, અલ્હડ ખીલતી છોકરી.
દાક્ષિણ્યતા=માયા
પ્રેમાનુબંધ=નિરંતર પ્રેમ.
સેવા=માનનું ચિન્હ.
સ્નિગ્ધ=સ્નેહ ભરેલું સખીગણ
સખીગણવત્સલા=સખીઓને વહાલી.
ઉદારશીલા=ઉમદા વર્તણુકવાળી.
ઉત્કંઠીત=ચિંતાતુર
ચિત્તાનુવૃત્તિ=સામાના મન પ્રમાણે વર્તવું તે.
સુકુમાર=કોમળ.
રન્ધ્ર=કાણું
અનુગ્રહ=ઉપકાર.
ચોરાશી=ચોરાઇશ
ગજચારી=હાથી પઠે ચાલચાલનારી.
કંઠાશ્લેષ કરી=ગળે અડી (પહેરી) *
ભ્રષ્ટ=પડેલો
વ્યૂહરચના=કવાયતી ગોઠવણ.
રાજે=રાજાએ
સરિત=નદી.
સનદ=ચ્યાજબી.
નખસ=એન
મૃગાંક=ચંદ્ર
મહીધર=પર્વત.

દાખુ=દેખાડું.
પ્રજાપતિ=બ્રહ્મા.
શરવરીકર=ચંદ્ર
શેખર=ઘરેણુ
ત્રિદશપતિ=ઇન્દ્ર
નભે=આકાશે
પ્રધાન અમાત્ય=મુખ્ય વજીર
ચેટી=દાસી, છોકરી
ક્ષોભાવે=ભંગ કરે
તુરંગ=ઘોડા
કુંજર=હાથી
અભિવાદ=નમસ્કાર
શ્રેય=કલ્યાણ.
મહીધ્ર=ક્રિડા રમવા માટે ડુંગર.
કજ્જલ=કાજળ જેવો કાળો
ઉજ્જલ=ચળકતો
રણુવાસ=રાણીને રહેવાનો મહેલનો ભાગ
પતંગવૃતિ=પતંગીઆ પેઠે ભડકામાં ઝંપલાવું.
વિરહ=વિયોગ
પ્રલયાગ્નિ=પ્રલય વખતનો કારમો અગ્નિ
આહુતી=બળી મરવુ
શંશયના ત્રાજવામા મુકયુ=વંશ રહેવાનો શક ઉપજ્યો
ભક્તિ=રાજ્યભક્તિ, નિમકહલાલી.
નિકટ=નજીક
જગસ્વામી=દુનીઆનો રાજા
સ્વામિભક્તિ વૃત=સ્વામિ તરફ નિમકહલાલી
મંત્રીમોભ=ભારવહનાર મોટોમંત્રી
રાજતા=પ્રકાશતા
ભગિની=બેન
યથેચ્છા=ઇચ્છા પ્રમાણે, જોઇએ તેટલો
તુષાળ=સંતોષી
વજ્રલેપન=ઉખડે નહીં એવો લેપ. જડમુળથી.
દુર્જય=જીતી ન શકાય એવા.
યજ્ઞથી વરસાદ, વરસાદથી પાક, માટે યજ્ઞ અવશ્યક છે તે બ્રાહ્મણે ધર્મ પાળી નિયમ થકી કરવો.

"મારે માઠે પામ્યો" આ દક્ષ પ્રજાપતિનો મહાદેવજીએ યજ્ઞ ભંગ કર્યો. તે બાબત છે દક્ષ બ્રહ્માના પુત્ર, સતી જેને ઋષીઓની ભલામણથી મહાદેવજીને દીધી તેના બાપ હતા. પણ તેને મહાદેવજી ગમતા નહતા, કારણ શીવ પોતે જોગી હતા યજ્ઞ વખતે શીવ શિવાય બીજા દેવોને આમન્ત્રણ કર્યું તેથી સતીને એટલો ગુસ્સો લાગ્યો કે તે યજ્ઞમાં પડી બળી મુઇ આનું વેર લેવાને શંકરે વીરભદ્ર અને બીજા ભયંકર સ્વરૂપ પેદા કર્યા અને યજ્ઞ આગળ મોકલ્યા જયા તેઓએ યજ્ઞ ભંગ કર્યો અને બ્રાહ્મણોને માર્યા કુટયા, દેવતાઓનું અપમાન કર્યું આ બધ પાડવાને શીવને શાન્ત કર્યા

વત્સરાજ—બૃહત્કથામા એમ લખે છે કે અર્જુનના પુત્ર અભિમન્યુ તેનો પુત્ર પરિક્ષિત, તેના જનમેજય તેના શતાનીક, તેના સહસ્રાણીક ને તેના પુત્ર વત્સઉદયન છે

કોસલ—સરયુના કીનારાનો દેશ છે અને તેથી કરીને કાશ કોધનો ભાગ છે.

પ્રદ્યોત—બૃહત્કથા પ્રમાણે પ્રદ્યોત પદ્માવતિનો બાપ મગધનો રાજા છે પદ્માવતી વત્સની બીજી સ્ત્રી જે નામને બદલે નાટકમા મણીમાલા એ નામ છે તેમાજ વાસવદત્તાના બાપનું નામ ચંડસેન આપ્યુ છે.

'આસવની વાસ વધારી' એ નીચેના સંસ્કૃત શ્લોક જોડે સરખાવો

पादाघातादशोकस्तिलक कुरबकौ वीक्षणालिंगनाभ्याम्
स्त्रीणास्पर्शात् प्रियगु विकसति बकुल सीधु गण्डुषसेकात्।
मन्दारो नर्म वाक्यात्पटु मृदु हसनाच्चम्पको वक्त्र वाता
च्चुतोगीतान्नमेरुर्विकसतिच पुरोनर्तनात्कर्णिकार ॥

લાતથી અશોક, જોવાથી તીલક, આલીંગનથી કુરબક, સ્ત્રીના સ્પર્શથી પ્રિયગુ, દારૂના કોગળાથી બકુલ, નર્મવાક્યથી મન્દાર, ચાલાક, મૃદુ હસવાથી ચંપો, મોની ફુંકથી આંબો, ગીતથી નમેરૂ, નાચથી કણેર ફુલે છે.

શ્રી પર્વત દક્ષિણમા શીવનુ દેહેરૂ બાર જ્યોતિ લિંગમાંનુ એક લાવણક—ગગાને જમનાના સગમ આગળ જમનાના દક્ષિણ કિનારાનુ સ્થળ હતુ જ્યાં વત્સરાજનો પ્રથમનો મહેલ બળી ગયો હતો.

કામદેવના પાચબાણ—અરવિંદ, અશોક, આંબો, નવમાલિકા, ઉત્પલ;

જાહેરખબર.

વિદ્યાર્થીઓને આ ચોપડી અરધી કીમતે
આપવામાં આવશે